

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**





**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**


**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# جعفری آواز
# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-6, May-2025**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૫૨૧

**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯

**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❋ email : jafariaawaz@gmail.com


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો . 3

- **તંત્રી લેખ**

કુરઆનમાં ઉલ્લેખ થયેલાં જાનવરો........... 9

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ................................13

ગુરરુલ હિકમ .................................15

નહ્જુલ અસરાર ..............................17

- **તરીકત**

મશાયખવાણી.................................21

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 25

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ.................................. 32

- **અખ્લાક**

જ્ઞાનગોષ્ઠિ .................................... 35

તહ્ઝીબુલ ઈસ્લામ .......................... 39

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 43

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત...................................... 45

- **અન્ય**

નન્હે રોઝેદાર................................. 49

વ્યક્તિ વિશેષ – હઝરત સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ હનફી. 54

આપણા ઘરની વાતો ........................ 57

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 57

## હિદાયત:

# હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

(ગતાંકનું ચાલુ)

**حضرت سلیمان علیہ السلام وادیِ نمل میں**

قرآنی آیات سے یہ بات بخوبی سمجھی جاتی ہے کہ حضرت سلیمانؑ کی داستانِ حکومت کوئی عام سا واقعہ نہیں ہے۔ در حقیقت خداوند عالم نے ایسی عظیم حکومت کے قیام کو اور اتنی عظیم طاقتیں حضرت سلیمانؑ کے لئے مسخر کر کے اپنی قدرت کا مظاہرہ فرمایا ہے اور ایک موحد انسان کے نزدیک قدرت خدا کے آگے یہ کام بالکل آسان ہے۔ قرآن میں سب سے پہلے فرمایا گیا ہے: ”سلیمانؑ کے پاس جنوں، انسانوں اور پرندوں کے لشکر جمع ہو گئے۔“

(સૂરા નમ્લ, આયત-૧૭)

એટલે કુરઆન શરીફ ફરમાવે છે કે, સુલયમાન (અ.) પાસે જિન્નાત, ઈન્સાનો અને પક્ષીઓનાં લશ્કરો જમા થઈ ગયાં.

لشکر والوں کی تعداد اس قدر زیادہ تھی کہ نظم و ضبط کو برقرار رکھنے کے لئے حکم دیا جاتا کہ اگلی صفوں کو روکے رکھیں اور پچھلی صفوں کو چلاتے رہیں تاکہ سب مل کر حرکت کریں۔

એટલે જ્યારે એમને હુકમ કરવામાં આવતો, લશ્કરને, તો પહેલો હુકમ પહેલી સફવાળાઓને કરવામાં આવતો અને પાછલી સફોને ચાલતા રહેવાનો હુકમ કરવામાં આવતો. એટલું મોટું લશ્કર હતું કે સફોને જુદા જુદા હુકમ આપવા પડતા હતા. સામાન્ય રીતે જે બટાલિયન (battalion) હોય એમને તો એક હુકમ કરે, attention કહી દે, તો બધા ઊભા થઈ જાય. આવી રીતે નહીં. સુલયમાન (અ.)નું જે લશ્કર હતું, તે એવી રીતે કે દરેક સફને જુદો જુદો હુકમ આપવો પડતો હતો ત્યારે આખું લશ્કર disciplineમાં રહી શકતું હતું.

حضرت سلیمانؑ نے کسی علاقے پر لشکر کشی کی تھی لیکن اس لشکر کشی کی تفصیل واضح طور پر معلوم نہیں ہے۔ چونکہ قرآن وادی نمل کے بارے میں گفتگو کرتا ہے۔ لہٰذا بعض مفسرین نے یہ سمجھا ہے کہ وہ وادی النمل (چیونٹیوں کی سرزمین) طائف کے قریب کا علاقہ ہے اور بعض نے کہا ہے کہ وہ شام کے نزدیک کی سرزمین ہے۔ ”بہر حال حضرت سلیمانؑ اس عظیم لشکر کے ساتھ چلے، حتی کہ چیونٹیوں کی سرزمین پر پہنچ گئے۔“

(સૂરા નમ્લ, આયત-૧૮)

સુલયમાન (અ.)એ એક જગ્યા પર ચઢાઈ કરી હતી. એ જગ્યા કઈ છે કુરઆન શરીફ તેનું વર્ણન વાદીએ નમ્લ, એટલે કે કીડીઓની જગ્યા એવી રીતે કરે છે, એટલે કે ત્યાં ચઢાઈ કરી હતી સુલયમાન (અ.)એ. હવે તે કઈ જગ્યા છે તે વિષે આલિમો વિવાદમાં છે. કેટલાક લોકો કહે છે કે, તાઈફ પાસે છે અને કેટલાક લોકો એવું કહે છે કે, શામમાં છે. તો સુલયમાન (અ.) વાદીએ નમ્લમાં ચઢાઈ કરતાં કરતાં પહોંચી ગયા, આવું કુરઆન શરીફની આયત કહે છે.

یہاں پر چیونٹیوں میں سے ایک چیونٹی نے دوسری چیونٹیوں سے مخاطب ہو کر کہا:

બધી કીડીઓમાંથી એક કીડીએ બીજી કીડીઓને ઉદ્દેશીને કહ્યું:

"اے چیونٹیو! اپنے اپنے بلوں میں چلی جاؤ تاکہ سلیمانؑ اور ان کا لشکر تمہیں بے خبری میں پامال نہ کر دے۔"

(સૂરા નમ્લ, આયત-૧૮)

પોતપોતાનાં જે દર હોય તેમાં ચાલી જાઓ, નહીંતર સુલયમાન (અ.) અને તેમનું લશ્કર તમને પાયમાલ કરી નાખશે.

સુલયમાન (અ.) આ સાંભળીને હસવા લાગ્યા. આપણે જાણીએ છીએ કે તેઓ બધા ઉપર રાજ કરતા હતા, માટે પક્ષીઓ, જિન્નાત અને જે પણ જાનદાર વસ્તુઓ છે, જેમના ઉપર એ રાજ કરતા હતા, હુકૂમત કરતા હતા, તેમનાં બધાંની વાત અને ભાષાઓથી સારી રીતે વાકેફ હતા.

حضرت سلیمانؑ کس وجہ سے ہنسے؟ اس بارے میں مفسرین کے درمیان اختلاف ہے۔

આલિમો ફરીથી વિવાદે ચઢ્યા છે કે શા માટે હસ્યા હશે?

ظاہر امر یہ ہے کہ بذات خود یہ قضیہ ایک عجیب چیز تھی کہ ایک چیونٹی اپنے ساتھیوں کو سلیمانؑ کے عظیم لشکر سے آگاہ کرے اور اس کی بے توجہی کا ذکر کرے اور یہی عجب امر حضرت سلیمانؑ کے ہنسنے اور مسکرانے کا سبب بنا۔

પરંતુ જે માનવામાં આવે છે તે હકીકત એવી છે, કે આ સુલયમાન (અ.)ને અજબ વાત લાગી કે કીડીઓને પણ ખબર છે કે મારું લશ્કર કેવું છે અને એ કઈ રીતે તેમને પાયમાલ કરી શકે છે, એટલે એમને હસવું આવી ગયું. કેટલાક બીજા મુફસ્સિરીન શું કહે છે:

بعض مفسرین نے یہ بھی کہا ہے کہ آپؑ کی یہ ہنسی، خوشی کی ہنسی تھی، کیونکہ آپؑ کو معلوم ہو گیا کہ چیونٹی تک کی مخلوق ان کی اور ان کے لشکر والوں کی عدالت اور تقویٰ کا اعتراف کرتی ہے۔

એટલે કીડીઓ પણ, તેઓ અને તેમના લશ્કરવાળાઓ ઈન્સાફપસંદ છે, તે વાત જાણે છે એટલે સુલયમાન (અ.) હસ્યા. હવે કીડીઓએ તો આવું કીધું કે લશ્કર પાયમાલ કરી દેશે, તો આનાથી એ જાહેર કઈ રીતે થાય કે સુલયમાન (અ.) અને

તેમનું લશ્કર ઇન્સાફવાળું છે? એ પછી મુફસ્સિર પોતે જાણે, હું નથી જાણતો!

بعض مفسرین کہتے ہیں کہ آپؑ کی خوشی کا سبب یہ تھا کہ خداوند عالم نے انہیں ایسی قدرت عطا فرمائی ہے کہ لشکر عظیم کے شور و غل کے باوجود وہ چیونٹی جیسی مخلوق کی آواز سے غافل نہیں ہیں۔

આ અલ્લાહનો શુક્ર હતો, કે આટલું મોટું લશ્કર આગળ વધે તો કેટલો અવાજ થાય, કેટલો ઘોંઘાટ થાય, તેમ છતાંય તે કીડીનો અવાજ પણ સાંભળી શકે છે. એ વાત ઉપર અલ્લાહનો શુક્ર સુલયમાન (અ.) કરી રહ્યા હતા, એટલે તેમને હસવું આવી ગયું.

بہر حال وجہ خواہ کچھ بھی ہو، اس موقع پر حضرت سلیمان علیہ السلام نے اللہ کی بارگاہ میں چند معروضات پیش کیں۔

એટલે દુઆ માગી સુલયમાન (અ.)એ.

پہلی یہ کہ "خداوند! جو نعمتیں تو نے مجھے اور میرے والدین کو عطا فرمائی ہیں ان کا شکر کرنے کا طریقہ مجھے سکھا دے۔"

(સૂરા નમ્લ, આયત-૧૯)

આટલી બધી નેઅમતોનો શુક્ર કઈ રીતે અદા કરવો એ મને શિખવાડી દે, એની રીત મને શિખવાડી દે, તે સુલયમાન (અ.)એ પહેલી દુઆ માગી.

دوسری یہ کہ "مجھے توفیق عطا فرما تاکہ ایسا نیک عمل بجا لاؤں کہ جس سے تو راضی ہو۔"

(સૂરા નમ્લ, આયત-૧૯)

હું એવા જ અમલ કરું કે જેનાથી તું રાજી થઈ જાય એવી બીજી દુઆ માગી.

آخر میں تیسری عرض داشت یہ پیش کی کہ "پروردگارا! مجھے اپنی رحمت کے ساتھ اپنے صالح بندوں کے زمرے میں شامل فرما۔"

(સૂરા નમ્લ, આયત-૧૯)

તારી રહમતમાં તારા સાલેહ, નેકી કરનારા બંદા હોય, તેમની સાથે મારી ગણતરી કર.

## سلیمانؑ اپنی فوجی طاقت کا مظاہرہ دیکھتے ہیں

તેમની ફોજની કુવ્વત કેટલી છે એ સુલયમાન (અ.) જુએ છે.

قرآن میں موجود مختلف قرائن سے مجموعی طور پر نتیجہ نکلتا ہے کہ ایک روز حضرت سلیمانؑ اپنے تیز رفتار گھوڑوں کا معائنہ کر رہے تھے کہ جنہیں میدان جہاد کے لئے تیار کیا گیا تھا۔

પોતાના ફોજી ઘોડાઓને સુલયમાન (અ.) જોઈ રહ્યા હતા.

عصر کا وقت تھا۔ مامورین مذکورہ گھوڑوں کے ساتھ مارچ کرتے ہوئے ان کے سامنے سے گزر رہے تھے۔

જે ઘોડેસવારો હતા લશ્કરના, તે તેમના સામેથી march કરતાં કરતાં, કૂચકદમ કરતાં કરતાં આગળ વધી રહ્યા હતા.

ایک عادل اور بااثر حکمران کے لئے ضروری ہے

હું ફોજમાં આવા ઘોડા હોય એ પસંદ કરું છું. કુરઆન શરીફ કહે છે કે સુલયમાન (અ.)એ તરત જ અલ્લાહને યાદ કર્યો.

میں چاہتا ہوں کہ ان سے دشمنوں کے خلاف جہاد میں کام لوں۔ سلیمانؑ کہ جو دشمن کے خلاف جہاد کے لئے آمادہ ان تیز رفتار گھوڑوں کا معائنہ کر رہے تھے بہت خوش ہوئے۔ آپؑ انہیں یوں دیکھ رہے تھے کہ نظریں ان پر جم کر رہ گئیں، ''یہاں تک کہ وہ ان کی نظروں سے اوجھل ہو گئے۔''

(સૂરા સાદ, આયત-૩૨)

સુલયમાન (અ.) એવા અલમસ્ત ઘોડાઓને જોતાં જોતાં એટલા મેહ્વ થઈ ગયા, કે ઘોડાઓ એમની નજરોથી દૂર થઈ ગયા, પણ તોય ત્યાં ઊભાં ઊભાં જોતા રહ્યા.

یہ منظر نہایت دلکش اور عمدہ تھا اور حضرت سلیمانؑ جیسے عظیم فرماں روا کے لئے نشاط انگیز تھا۔ آپؑ نے حکم دیا: ''ان گھوڑوں کو واپس میرے پاس لاؤ۔''

(સૂરા સાદ, આયત-૩૩)

તો સુલયમાન (અ.)એ કહ્યું કે, આગળ નીકળી ગયેલા ઘોડાઓને ફરીથી મારી સામેથી પસાર કરો.

جب مامورین نے اس حکم کی اطاعت کی اور گھوڑوں کو واپس لائے تو سلیمانؑ نے خود ذاتی طور پر ان پر نوازش کی اور ''ان کی پنڈلیوں اور گردنوں کو تھپتھپایا اور ہاتھ پھیرا۔''

તો પાછા આવ્યા તો સુલયમાન (અ.)એ કે اس کے پاس طاقتور فوج ہو، اور اس زمانے میں لشکر کے اہم ترین وسائل میں سے تیز رفتار گھوڑے تھے، لہٰذا حضرت سلیمانؑ کا مقام ذکر کرنے کے بعد نمونے کے طور پر گھوڑوں کا ذکر آیا ہے۔

કુરઆન શરીફ તેમના ઘોડાઓનો ઝિક્ર કરે છે, એ વાત જાહેર કરવા માટે કે સુલયમાન (અ.)નું લશ્કર બહુ મજબૂત લશ્કર હતું.

قرآن میں اس طرح بیان ہوا ہے کہ ''(وہ وقت یاد کر) جب وقت عصر انہوں نے چابک اور تیز رفتار گھوڑے اس کے سامنے پیش کئے۔''

(સૂરા સાદ, આયત-૩૧)

ફોજીઓએ એમના જે ઘોડાઓ હતા, સુલયમાન (અ.)ને બતાવ્યા, અને સુલયમાન (અ.) એ ચકાસણી કરી, જોયું કે પોતાનું લશ્કર કેવું છે.

اس موقع پر یہ واضح کرنے کے لئے کہ طاقتور گھوڑوں سے ان کا لگاؤ دنیا پرستی کی وجہ سے نہیں، حضرت سلیمانؑ نے کہا:

જે શક્તિશાળી ઘોડાઓ હતા, તેમના સાથે તેમનો લગાવ દુનિયાપરસ્તી માટે ન હતો, એટલા માટે સુલયમાન (અ.)એ ફરમાવ્યું કે, કુરઆન શરીફની આયતમાં છે:

''ان گھوڑوں کو میں اپنے رب کی یاد اور اس کے حکم کی بناء پر پسند کرتا ہوں۔''

(સૂરા સાદ, આયત-૩૨)

આ મને મારા રબની યાદ અપાવે છે, અને આવી હુકૂમત અલ્લાહને પસંદ છે એટલા માટે

કેટલાક ઘોડા ઉપર અથવા એકાદ ઘોડા ઉપર પોતે સવારી કરી અને તેમની મજબૂતાઈ જોઈ કે કેટલા મજબૂત છે અને તેમને થપથપાવ્યા.

یوں آپؑ نے ان کی پرورش کرنے والوں کی بھی تشویق اور قدردانی کی۔

આવી રીતે જે ઘોડેસવારો હતા, જે ઘોડાઓનું ધ્યાન રાખતા હતા, તેમને પણ શાબાશી આપી સુલયમાન (અ.)એ.

معمول ہے کہ جب کسی سواری کی قدردانی کی جاتی ہے تو اس کے سر، چہرے، گردن یا اس کی ٹانگ پر ہاتھ پھیرا جاتا ہے اور یہ دلچسپی اور پسندیدگی کے اظہار کا اہم ذریعہ ہے،

તો એ જ વાત સુલયમાન (અ.)એ કરી, થપથપાવ્યા. માથે અથવા ગરદન ઉપર અથવા પિંડલીઓ ઉપર.

کہ جس سے انسان اپنے بلند مقاصد میں مدد لیتا ہے، لٰہذا حضرت سلیمانؑ جیسے نبی کا ایسا کرنا کوئی تعجب انگیز نہیں۔

(ક્રમશ:)

જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**



# ગડમથલ

**૩૮૪** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ૮ | | ■ | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | |
| ૧૪ | | | ■ | | ■ | ૧૫ | ■ | | ■ |
| ■ | | ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | |
| ૧૯ | ■ | ૨૦ | | ■ | ૨૧ | | ૨૨ | | ■ |
| | ■ | ૨૩ | | | | ■ | | ■ | ૨૪ |
| ૨૫ | | | | ■ | ■ | ૨૬ | | ■ | |
| ૨૭ | | | ■ | ૨૮ | ૨૯ | | ■ | ૩૦ | |
| ૩૧ | | ■ | ૩૨ | | | ■ | ૩૩ | | |

## આડી ચાવીઓ

(૧) પ્રસંશા, કદર, ખુશામત કરવી (૪)
(૪) પાલનપોષણ, ઉછેર, સહાયતા (૫)
(૭) અંદરનો ભેદ જાણનાર, જાણભેદુ (૪)
(૯) અલ્લાહ તઆલા, ન્યાયકર્તા, ઈલાજ (૩)
(૧૧) ભિખારી, ભિક્ષુક, ભીખ માગનાર (૨)
(૧૨) વીજળીનો કડાકો, મેઘગર્જના (૩)
(૧૪) નમાઝમાં કયામ, રુકૂઅ, સજ્દાનો સમૂહ (૩)
(૧૬) ઈચ્છા, ઉત્કંઠા, અભિલાષા (૪)
(૧૮) સ્તુતિ, પ્રશંસા, વખાણ, વંદના (૨)
(૨૦) ઓઢવાની ચાદર, ઓઢણી (૨)
(૨૧) શકિતશાળી, જીવિત (૪)
(૨૩) આખું વર્ષ, સળંગ વર્ષ (૪)
(૨૫) પ્રતિષ્ઠા, શ્રેષ્ઠતા, મહત્તા (૪)
(૨૬) ઠાઠમાઠ, ભપકો, ભવ્યતા (૨)
(૨૭) શકિત, બળ, જોર, સામર્થ્ય (૩)
(૨૮) અવરોધ, અડચણ, વિક્ષેપ, દખલ (૩)
(૩૦) સર્વસાધારણ, સર્વવ્યાપક, કેરી (૨)
(૩૧) ઉચિત, વાજબી, હલાલ (૨)
(૩૨) કમાઈ, ધંધો, રોજગાર (૩)
(૩૩) સુખ, આરામ, સુગમતા, શાંતિ (૩)

## ઊભી ચાવીઓ

(૧) આગેવાન, મુખી, નેતા, લીડર (૪)
(૨) ગરમી, ઉષ્ણતા, ગરમાવો (૪)
(૩) ગર્વ, લાડ, નખરાં, હાવભાવ (૨)
(૪) પડદો, આવરણ, ઘૂમટો, બુરખો (૩)
(૫) રાજા કે સુલ્તાનનો મુખ્ય સલાહકાર, મંત્રી (૩)
(૬) મધ, મધુર, મીઠું, ગળ્યું (૩)
(૮) ડાઘાવાળું, કલંકિત, એબવાળું (૪)
(૧૦) પ્રતિષ્ઠા, ગુરુત્વ, ઈજ્જત (૩)
(૧૩) સરદાર, અધ્યક્ષ, વરિષ્ઠ અધિકારી (૪)
(૧૫) મૂર્તિ, પ્રતિમા, પ્રિયા, પ્રેયસી (૩)
(૧૬) ન્યાયાલય, ન્યાય કચેરી (૪)
(૧૭) મા, માતા, જનની, જનેતા (૩)
(૧૯) કેદ થયેલું, પકડાયેલું, મશ્ગૂલ (૫)
(૨૦) સંદેશો, પયગમ્બરી, ખબર (૪)
(૨૨) પાલવ, પહેરણ કે સાડીનો છેડો (૩)
(૨૪) સુરક્ષિત, સ્વસ્થ, ક્ષેમકુશળ (૪)
(૨૬) ગરમ, મુલાયમ, પહોળી પછેડી (૨)
(૨૮) સૂકું ઘાસ, એક સુગંધિત મૂળ (૨)
(૨૯) હોઠ, ઓષ્ઠ, નદીનો કિનારો (૨)
(૩૦) નિસાસો, હૃદયમાંથી નીકળનાર આર્તનાદ (૨)

# કુરઆનમાં ઉલ્લેખ થયેલાં જાનવરો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

(ગતાંકનું ચાલુ)

## (૧૩) ઘોડા – Horses – اَلْخَيْلُ

અલ્લાહ તઆલાએ માણસને આપેલી નેઅમતોમાં એવાં પ્રાણીઓ પણ છે કે જેમના પર તે સવારી કરી શકે છે અને પરિવહન માટે પણ ઉપયોગ કરી શકે છે. અલ્લાહ તઆલા કહે છે કે તેણે આવાં બધાં તેમ જ એવાં પ્રાણીઓ પેદા કર્યાં છે કે જેમના વિષે માણસે કદી સાંભળ્યું પણ ન હોય.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

وَّالْخَيْلَ وَالْبِغَالَ وَالْحَمِيْرَ لِتَرْكَبُوْهَا وَزِيْنَةً ۚ وَيَخْلُقُ مَا لَا تَعْلَمُوْنَ ۝٨

*(અને (તેણે જ) ઘોડા તથા ખચ્ચર તથા ગધેડા (પેદા કર્યા છે) કે તમે તેમના પર સવાર થાઓ અને જે તમારી શોભા પણ બને; અને (વળી બીજી) એવી વસ્તુઓ ઉત્પન્ન કરે છે કે જેમની તમને જરા પણ જાણ નથી.)*

(સૂરા નહલ, આયત–૮)

## (૧૪) સિંહ – Lion – قَسْوَرَةٌ

જ્યારે મક્કાના કાફિરોએ રસૂલલ્લાહ (સ.) નો પયગામ સાંભળ્યો, તો તેને આવકારવાને બદલે તેઓ ઈસ્લામ તેમની જીવન પદ્ધતિમાં ફેરફાર લાવશે, તે જાણીને ગભરાઈ ગયા.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે તેઓ એવી રીતે પ્રતિક્રિયા આપે છે, જાણે જંગલી સિંહને જોઈને ગધેડા પ્રતિક્રિયા આપે છે.

كَاَنَّهُمْ حُمُرٌ مُّسْتَنْفِرَةٌ ۝٥٠ فَرَّتْ مِنْ قَسْوَرَةٍ ۝٥١

*(કે જાણે તેઓ ભડકી ઉઠનારા ગધેડા હોય કે જે સિંહથી ભડકી નાસી છૂટ્યા હોય.)*

(સૂરા મુદ્દસ્સિર, આયત–૫૦ અને ૫૧)

## (૧૫) તીડ – Locusts – جَرَادٌ

કયામતના દિવસ પહેલાં, કબ્રમાં રહેલા મૃત્યુ પામેલા લોકોને તેમના આમાલનો હિસાબ આપવા માટે બૂમ પાડીને બોલાવવામાં આવશે. તેઓ પ્રચંડ સંખ્યામાં હશે અને તીડોની માફક ઝુંડમાં નીકળી પડશે.

خُشَّعًا اَبْصَارُهُمْ يَخْرُجُوْنَ مِنَ الْاَجْدَاثِ كَاَنَّهُمْ جَرَادٌ مُّنْتَشِرٌ ۝٧

*(ત્યારે તેમની આંખો નીચે ઢળેલી હશે; (અને) કબ્રોમાંથી એવી રીતે નીકળશે જાણે કે તેઓ છવાઈ ગયેલાં તીડો (નાં ઝુંડ) હોય.)*

(સૂરા કમર, આયત–૭)

## (૧૬) સાપ / અજગર –Serpent – ثُعْبَانٌ

નબી મૂસા (અ.) ફિરઓનના દરબારમાં ગયા અને તેને કહ્યું કે, "હું અલ્લાહનો નબી છું." આપ (અ.)એ તેને અલ્લાહની ફરમાબરદારી કરવાનું અને બની ઈસરાઈલના ગુલામોને આઝાદ કરવાનું કહ્યું. ફિરઓને મૂસા (અ.)ના નબી હોવાના દાવાની સાબિતીની માંગણી કરી.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

قَالَ اِنۡ كُنۡتَ جِئۡتَ بِاٰيَةٍ فَاۡتِ بِهَاۤ اِنۡ كُنۡتَ مِنَ الصّٰدِقِيۡنَ ﴿۱۰۶﴾ فَاَلۡقٰى عَصَاهُ فَاِذَا هِىَ ثُعۡبَانٌ مُّبِيۡنٌ ﴿۱۰۷﴾ وَّنَزَعَ يَدَهٗ فَاِذَا هِىَ بَيۡضَآءُ لِلنّٰظِرِيۡنَ ﴿۱۰۸﴾

*((ફિરઓને) કહ્યું, "જો તું કોઈ નિશાની લાવ્યો હોય, અને જો તું સાચાઓ માંહેનો હોય, તો લાવ, તે (નિશાની) રજૂ કર." આથી (મૂસા (અ.) એ) પોતાનો અસા (જમીન પર) નાખી દીધો જે (તે જ વખતે એક ભયંકર અને) સાક્ષાત્ અજગર બની ગયો, અને આપ (અ.)એ પોતાનો હાથ (બગલમાં નાખી) બહાર ખેંચી કાઢ્યો કે તરત જ તે દેખનારાઓ માટે સફેદ (ચળકાટવાળો) બની ગયો.)*

(સૂરા અઅરાફ, આયત–૧૦૬ થી ૧૦૮)

**(૧૭) ઘેટાં / બકરાં – Sheep / Goats – اَلْمَعْزُ وَالضَّاْنُ**

ثَمٰنِيَةَ اَزۡوَاجٍ‌ ۚ مِنَ الضَّاۡنِ اثۡنَيۡنِ وَمِنَ الۡمَعۡزِ اثۡنَيۡنِ‌ ؕ قُلۡ ءٰٓالذَّكَرَيۡنِ حَرَّمَ اَمِ الۡاُنۡثَيَيۡنِ اَمَّا اشۡتَمَلَتۡ عَلَيۡهِ اَرۡحَامُ الۡاُنۡثَيَيۡنِ‌ ؕ نَبِّـئُوۡنِىۡ بِعِلۡمٍ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۱۴۳﴾

*(અલ્લાહે ખાવા માટે) આઠ (જાતનાં) જોડાં (નર માદા પેદા કર્યાં છે) – મેંઢાની જાતમાંથી બે અને બકરીની જાતમાંથી બે. (અય રસૂલ (સ.)!) આપ કહી દો, "શું તેણે બન્ને નર હરામ કર્યા છે કે બન્ને માદા, અથવા બન્ને માદાઓના ગર્ભસ્થાનમાં જે બચ્ચાં સમાયેલાં છે તે? જો તમે સાચા હો તો મને (આ વિષે) ખબર આપો.)*

(સૂરા અન્આમ, આયત–૧૪૩)

**(૧૮) કરોળિયો – Spider – اَلْعَنْكَبُوْتُ**

સૌથી ક્ષણભંગુર સંરચનામાંથી એક રચના છે કરોળિયાનું જાળું. જે લોકો અલ્લાહના બદલે બીજાઓ ઉપર આધાર રાખે છે, તેઓ પોતાના માટે વાલીઓ તરીકે જે લોકો નબળા અને અશક્ત હોય તેમને રાખે છે. અલ્લાહ તઆલા જ ફક્ત એકલો છે કે જે આપણું રક્ષણ કરે છે અને મદદ કરે છે.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

مَثَلُ الَّذِيۡنَ اتَّخَذُوۡا مِنۡ دُوۡنِ اللّٰهِ اَوۡلِيَآءَ كَمَثَلِ الۡعَنۡكَبُوۡتِ ۖۚ اِتَّخَذَتۡ بَيۡتًا ‌ؕ وَاِنَّ اَوۡهَنَ الۡبُيُوۡتِ لَبَيۡتُ الۡعَنۡكَبُوۡتِ‌ ۘ لَوۡ كَانُوۡا يَعۡلَمُوۡنَ ﴿۴۱﴾

*(તે લોકો કે જેમણે અલ્લાહના સિવાય બીજાઓને પોતાના કાર્યસાધક બનાવી લીધા છે, તેમનો દાખલો તે કરોળિયાના જેવો છે કે જેણે એક ઘર (જાળું) બનાવ્યું; અને નિ:સંશય નબળામાં નબળું ઘર કરોળિયાનું જ હોય છે, અગર તેઓ સમજી*

*શકે તો.)* (સૂરા અન્કબૂત, આયત–૪૧)

**(૧૯) ડુક્કર / સુવ્વર – Swine – اَلْخِنْزِيْرُ**

અલ્લાહ તઆલાએ પૃથ્વી પરની મોટા ભાગની વસ્તુઓ ખાવાની છૂટ આપી છે. જો કે, તેણે આપણા માટે નુકસાનકારક હોય તેવી વસ્તુઓ ખાવાથી આપણને રોકયા છે. આવી મનાઈ કરેલી વસ્તુઓમાં છે ડુક્કર અથવા ભૂંડનું ગોશ્ત. હદીસ આપણને બતાવે છે કે જે લોકો ડુક્કરનું ગોશ્ત ખાય છે, તેઓ સભ્યતાની ભાવના ગુમાવે છે અને તેમનાં કાર્યો શરમજનક બની જાય છે.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

إِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيرِ

وَمَا أُهِلَّ بِهِ لِغَيْرِ اللَّهِ ۖ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَلَا

عَادٍ فَلَا إِثْمَ عَلَيْهِ ۚ إِنَّ اللَّهَ غَفُورٌ رَحِيمٌ ﴿١٧٣﴾

*(તેણે તમારા ઉપર મરી ગયેલાં જાનવર તથા લોહી તથા ડુક્કરનું ગોશ્ત અને અલ્લાહનું નામ (લીધા) વગર ઝુબ્હ કરેલું હરામ કર્યું છે, પછી જે કોઈ ભૂખમરાથી (લાચાર બની ગયો) હોય, પણ નાફરમાની ન કરતો હોય, તેમ જ હદથી આગળ વધી જનાર ન હોય, (અને આ વસ્તુઓ પૈકી કોઈનું સેવન કરે) તો તેના માટે કોઈ ગુનાહ નથી; બેશક, અલ્લાહ મહાન ક્ષમા કરનારો (અને) દયા કરનારો છે.)*

(સૂરા બકરા, આયત–૧૭૩)


**નફીસ એન્ટરપ્રાઇઝ**

Nafis ENTERPRISE

▶ ઘંઉ, મકાઇ, તુવેર, સોયાબીન સાફ કરી આપવામાં આવશે.

▶ સાફ કરેલા પેકેજીંગ ઘંઉ મળશે.



9998043590 - આબિદઅલી (હરીપુરાવાળા)

9426642972 - અબ્બાસઅલી (હરીપુરાવાળા)

ગુડલક ટ્રેડિંગ કંપની ની બાજુમાં, દેશોત્તર - હિંમતનગર હાઇવે, કિશોરગઢ, ઇડર, સાબરકાંઠા, ગુજરાત 383225

# ઝોહા ઇલેક્ટ્રોનિક્સ

zoha ELECTRONICS

## ઘર માટે અત્યાધુનિક
## ઉપકરણો હવે બજેટમાં!

SAMSUNG | LG | Haier | Whirlpool | GENERAL | IFB | HITACHI | DAIKIN | MITSUBISHI ELECTRIC | Crompton

અમારે ત્યાં ટી.વી., ફ્રીઝ, એ.સી., એર કુલર, વોશિંગ મશીન, ઘરઘંટી, ઓવન, મિક્સર, ગ્રાઇન્ડર, બ્લેન્ડર, ચીમની, ગેસ-સગડી, મોબાઇલ, મોબાઇલ એસેસરીઝ, લેપટોપ, પ્રિન્ટર, હેર ટ્રીમર, પંખા, લાઇટ તેમજ ઇલેક્ટ્રોનિક્સ ને લગતા તમામ કંપનીનો સામાન ગુણવત્તા સાથે વાજબી ભાવે મળશે.








હોટેલ, સંસ્થાઓ તેમજ નાના-મોટા ધંધાઓ માટે હોલસેલ ભાવમાં ખરીદી માટે અમારો સંપર્ક કરો.

FIND US ON GOOGLE MAP!

+૯૧ ૯૮૨૫૪ ૧૨૧૪૩
+૯૧ ૮૩૪૭૦ ૯૭૨૯૦
+૯૧ ૯૮૯૮૪ ૪૯૩૩૯

# ઝોહા ઇલેક્ટ્રોનિક્સ

પહેલો માળ, અલ ગદીર ધ બિઝનેસ  હબ, વે-વેઇટ ચોકડી, રસુલપુર (ખેરાલુ) - ૩૮૪૩૨૫



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## અલ્લાહનાં વખાણ પોતાની ભાષામાં

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّ اللّٰهَ لَا يُصْلِحُ عَمَلَ الْمُفْسِدِيْنَ ﴿٨١﴾

✿ ...નિ:સંશય અલ્લાહ ફિત્નાખોરોના કોઈ પણ કાર્યને સુધરવા દેતો નથી.

**(સૂરા યૂનુસ, આયત–૮૧)**

---

وَيُحِقُّ اللّٰهُ الْحَقَّ بِكَلِمٰتِهٖ وَلَوْ كَرِهَ الْمُجْرِمُوْنَ ﴿٨٢﴾

✿ અને અલ્લાહ પોતાના બોલો દ્વારા સત્યને સત્ય કરી દેખાડે છે, (પછી) ભલે ને ગુનાહગારોને માઠું (કેમ ન) લાગે! **(સૂરા યૂનુસ, આયત–૮૨)**

---

وَيَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ۭ قُلْ اِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ يَّشَاۗءُ وَيَهْدِيْٓ اِلَيْهِ مَنْ اَنَابَ ﴿٢٧﴾

✿ અને જે લોકો ઈમાન લાવ્યા નથી, તેઓ કહે છે કે તે (રસૂલ)ના પરવરદિગાર પાસેથી (અમારા માગ્યા મુજબની) કોઈ નિશાની કેમ ઉતારવામાં આવી નથી? તું કહે કે અલ્લાહ જેને ચાહે છે તેને ગુમરાહ કરે છે અને જે તેના તરફ પ્રત્યાગમન કરવા ચાહે તેને પોતાના તરફનો માર્ગ દેખાડી દે છે.

**(સૂરા રઅદ, આયત–૨૭)**

---

يَمْحُوا اللّٰهُ مَا يَشَاۗءُ وَيُثْبِتُ ښ وَعِنْدَهٗٓ اُمُّ الْكِتٰبِ ﴿٣٩﴾

✿ અલ્લાહ (લૌહે મહફૂઝમાંથી) જે ચાહે છે તે મિટાવી નાખે છે, અને જે ચાહે છે કાયમ કરી દે છે, અને મૂળ પુસ્તક તેની પાસે જ છે.

**(સૂરા રઅદ, આયત–૩૯)**

اَوَ لَمۡ يَرَوۡا اِلٰى مَا خَلَقَ اللّٰهُ مِنۡ شَىۡءٍ يَّتَفَيَّؤُا ظِلٰلُهٗ عَنِ الۡيَمِيۡنِ وَالشَّمَآٮِٕلِ سُجَّدًا لِّلّٰهِ وَهُمۡ دٰخِرُوۡنَ ﴿۴۸﴾

❁ શું આ લોકો અલ્લાહે સર્જેલી દરેક વસ્તુ તરફ ધ્યાનપૂર્વક નિહાળતા નથી કે જેના પડછાયા (કેવી રીતે) જમણી તથા ડાબી બાજુએ નમી (જઈ) ને અલ્લાહને સજ્દો કરતા રહે છે અને (તેમ કરીને તે વસ્તુઓ પોતાનો) વિનય જાહેર કરે છે.

**(સૂરા નહલ, આયત–૪૮)**

---

تُسَبِّحُ لَهُ السَّمٰوٰتُ السَّبۡعُ وَالۡاَرۡضُ وَمَنۡ فِيۡهِنَّ ؕ وَاِنۡ مِّنۡ شَىۡءٍ اِلَّا يُسَبِّحُ بِحَمۡدِهٖ وَلٰـكِنۡ لَّا تَفۡقَهُوۡنَ تَسۡبِيۡحَهُمۡ ؕ اِنَّهٗ كَانَ حَلِيۡمًا غَفُوۡرًا ﴿۴۴﴾

❁ સાતેય આકાશ અને આખી સૃષ્ટિ તથા જે કાંઈ તેમાં છે, (તે સઘળાં) તેની પવિત્રતા ગાય છે; અને એક પણ વસ્તુ એવી નથી કે જે તેનાં વખાણની જપમાળા ફેરવતી ન હોય, પણ તમે તેની જપમાળાને સમજતા નથી; નિ:સંશય, તે મહાસહનશીલ (અને) મહાક્ષમાવાન છે.

**(સૂરા બની ઈસરાઈલ, આયત–૪૪)**

---

اُولٰۤٮِٕكَ الَّذِيۡنَ يَدۡعُوۡنَ يَبۡتَغُوۡنَ اِلٰى رَبِّهِمُ الۡوَسِيۡلَةَ اَيُّهُمۡ اَقۡرَبُ وَيَرۡجُوۡنَ رَحۡمَتَهٗ وَيَخَافُوۡنَ عَذَابَهٗ ؕ اِنَّ عَذَابَ رَبِّكَ كَانَ مَحۡذُوۡرًا ﴿۵۷﴾

❁ તેઓ જેમને પોકારે છે, તેઓ પંડે (અલ્લાહના નિકટ બંદા હોવા છતાં) પોતાના પરવરદિગાર સુધી પહોંચવા માટે વસીલો (સાધન) બનાવવા તેઓમાંથી (અલ્લાહની સાથે) કોણ વધુ નિકટ (સંબંધ ધરાવે) છે તેને શોધે છે[1] અને તેની કૃપાના ઉમેદવાર છે અને તેના અઝાબથી ડરતા રહે છે; બેશક, તારા પરવરદિગારનો અઝાબ ડરવા જેવી જ વસ્તુ છે. **(સૂરા બની ઈસરાઈલ, આયત–૫૭)**

1 આ આયતમાં નિકટના બંદાઓથી મુરાદ પયગમ્બરો, ફરિશ્તાઓ તેમ જ અન્ય પવિત્ર પુરુષો છે, જ્યારે વધુ નિકટ બંદાથી મુરાદ ખત્મુલ મુર્સલીન, શફીઉલ મુઝનબીન હઝરત મોહંમદ મુસ્તફા (સ.) છે, એટલે કે ઉપર જણાવેલા નિકટના બંદાઓ પણ અલ્લાહની નજદીકી પ્રાપ્ત કરવા માટે હઝરત મોહંમદ મુસ્તફા (સ.)નો કયામતના દિવસે વસીલો શોધશે.

# ગુરરુલ હિકમ

غُرَرُ الحِکَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસઅેહમદ એડ. જાફરી



## સચ્ચાઈ

۴۰- مَنْ لَّمْ يُنْجِهِ الْحَقُّ، اَهْلَكَهُ الْبَاطِلُ

૪૦. જેને સચ્ચાઈ નજાત ન અપાવી શકે, તેને બાતિલ હલાક કરી દે છે.

۴۱- مَنْ تَعَدَّى الْحَقَّ، ضَاقَ مَذْهَبُهُ

૪૧. જે સચ્ચાઈનો વિરોધ કરે છે, તેનો રસ્તો સાંકડો થઈ જાય છે.

۴۲- مَنِ اعْتَزَّ بِالْحَقِّ اَعَزَّهُ الْحَقُّ

૪૨. જે સચ્ચાઈ મારફતે આબરૂ મેળવવાની ઈચ્છા કરે છે, તેની ઈજ્જત થાય છે.

۴۳- مَنْ اَبْدٰى صَفْحَتَهُ لِلْحَقِّ هَلَكَ

૪૩. જે હકનો વિરોધ કરે છે, તેનો નાશ થાય છે.

۴۴- مَنِ اتَّخَذَ الْحَقَّ لِجَامًا، اتَّخَذَهُ النَّاسُ اِمَامًا

૪૪. જે સચ્ચાઈને તેના સામ્રાજ્ય તરીકે અપનાવે છે, લોકો તેને નેતા તરીકે અપનાવે છે.

۴۵- مَنْ عَمِلَ بِالْحَقِّ مَالَ اِلَيْهِ الْخَلْقُ

૪૫. જે સચ્ચાઈ ઉપર ચાલે છે, દુનિયા તેની તરફ વળે છે.

۴۶- مَنِ اسْتَحْيٰى مِنْ قَوْلِ الْحَقِّ فَهُوَ اَحْمَقُ

૪૬. જે સચ્ચાઈની વાત કહેવામાં શરમ અનુભવે છે, તે મૂર્ખ છે.

۴۷- مَنْ جَاهَدَ عَلٰى اِقَامَةِ الْحَقِّ وُفِّقَ

૪૭. જે હક સ્થાપિત કરવા માટે જિહાદ કરે છે, તે કામયાબ થાય છે.

۴۸- مَنْ نَكَبَ عَنِ الْحَقِّ ذُمَّ عَاقِبَتُهُ

૪૮. જે હકથી દૂર ભાગે છે, તેની આકેબત ટીકાપાત્ર હોય છે.

۴۹- مَنِ اسْتَسْلَمَ لِلْحَقِّ، وَاَطَاعَ الْمُحِقَّ كَانَ مِنَ الْمُحْسِنِيْنَ

૪૯. જે સચ્ચાઈના શરણે આવે છે, અને તેને અનુસરે છે કે જે સચ્ચાઈ પર હોય છે, તે નેક

લોકોમાં ગણાય છે.

۵۰۔ مَنْ جَعَلَ الْحَقَّ مَطْلَبَهُ، لَانَ لَهُ الشَّدِيْدُ، وَقَرُبَ عَلَيْهِ الْبَعِيْدُ

૫૦. જે સચ્ચાઈને પોતાનું ધ્યેય બનાવે છે, તેના માટે મુશ્કેલીઓ આસાન થાય છે, અને દૂરની વસ્તુ નજીક આવે છે.

۵۱۔ مَنْ اَضْعَفَ الْحَقَّ وَخَذَلَهُ اَهْلَكَهُ الْبَاطِلُ وَقَتَلَهُ

૫૧. જે હકને કમજોર કરે છે અને તેને છોડી દે છે, તો બાતિલ તેને હલાક અને કતલ કરી દે છે.

۵۲۔ مَنْ كَانَ مَقْصَدُهُ الْحَقَّ اَدْرَكَهُ، وَلَوْ كَانَ كَثِيْرَ اللَّبْسِ

૫૨. જેનો ધ્યેય સચ્ચાઈ હોય છે, તે અવશ્ય તેના સુધી પહોંચે છે, ભલે ને પછી ગમે તેટલી અનિશ્ચિતતાઓનો સામનો કરવો પડે.

۵۳۔ مَنْ عَانَدَ الْحَقَّ قَتَلَهُ، وَمَنْ تَعَزَّزَ عَلَيْهِ (عَلَى الْبَاطِلِ) ذَلَّلَهُ

૫૩. જે સચ્ચાઈનો વિરોધ કરે છે, તે (સચ્ચાઈ) તેને કતલ કરી દે છે, અને જે સચ્ચાઈ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરે છે, તે (સચ્ચાઈ) તેને અપમાનિત કરે છે.

۵۴۔ مَنْ نَصَرَ الْحَقَّ غَنِمَ

૫૪. જે સચ્ચાઈની મદદ કરે છે, તે મોટો લાભ મેળવે છે.

۵۵۔ مَا اَكْثَرَ مَنْ يَعْتَرِفُ بِالْحَقِّ وَلَا يُطِيْعُهُ

૫૫. એવા કેટલા બધા છે, જેઓ સચ્ચાઈને કબૂલ કરે છે, પરંતુ તેનું અનુસરણ નથી કરતા.

۵۶۔ مُنَازِعُ الْحَقِّ مَخْصُوْمٌ

૫૬. જે સચ્ચાઈનો વિરોધ કરે છે, તે પરાજિત થાય છે.

۵۷۔ نِعْمَ الدَّلِيْلُ الْحَقُّ

૫૭. સચ્ચાઈ સૌથી ઉત્તમ માર્ગદર્શક છે.

۵۸۔ لَا تُمْسِكْ عَنْ اِظْهَارِ الْحَقِّ، اِذَا وَجَدْتَ لَهُ اَهْلًا

૫૮. જ્યારે તમને કોઈ લાયક વ્યકિત મળે, તો સચ્ચાઈને જાહેર કરવામાં પાછી પાની ન કરો.

۵۹۔ لَا يُؤْنِسَنَّكَ اِلَّا الْحَقُّ، وَلَا يُوْحِشَنَّكَ اِلَّا الْبَاطِلُ

૫૯. સચ્ચાઈ સિવાય કોઈ પણ બાબત તમને આકર્ષવી ન જોઈએ, અને બાતિલ સિવાય કોઈ બાબતથી તમને અણગમો ન થવો જોઈએ.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

(ગતાંકનું ચાલુ)

**મોહંમદ ઈબ્ને અબી બક્રના નામે કાર્યપદ્ધતિ, મુલ્કની વ્યવસ્થા અને કર્તવ્યોના બાબતે**

અને અય મિસ્રના લોકો! પોતાની શકિત પ્રમાણે કોશિશ કરો કે તમારાં કાર્યો તમારી વાતોનું સમર્થન કરે, તમારું બાતિન તમારા જાહેર પ્રમાણે રહે. તમારી જીભો તમારાં દિલોની વિરુદ્ધ ન હોય. જાણી લો કે સાચો હાદી અને હલાકતની તરફ પ્રેરનાર ઈમામ, તથા નબીનો વસી અને નબીનો દુશ્મન, એકસરખા હોઈ શકતા નથી. અલ્લાહે અમને તમારી હિદાયત માટે મુકર્રર કર્યા છે અને એ તમારા પર આધારિત છે કે કોની સાથે મોહબ્બત કરવી અને કોને ખુશ કરવા. મેં રસૂલલ્લાહ (સ.)ને એવું કહેતાં સાંભળ્યા છે કે, "હું મારી ઉમ્મત માટે ન તો કોઈ મોમિનથી ડરું છું કે ન કોઈ મુશરિકથી. મોમિનને તો અલ્લાહ તેના ઈમાનના કારણે બચાવી લેશે અને મુશરિકને તેના શિર્કના કારણે અપમાનિત કરશે, પરંતુ હું તમારામાંના મુનાફિકોથી ડરું છું કે જેઓ જીભથી તો એવું કહે છે કે જે તમે જાણતા હોય અને કરે છે એવું જ કે જેનાથી તમને નફરત હોય."

અય મોહંમદ (ઈબ્ને અબી બક્ર)! જાણી લો કે સર્વશ્રેષ્ઠ પાકદામની તો અલ્લાહના દીનમાં ઈબાદતગુઝારી અને તેની ઈતાઅતમાં અમલ કરવો જ છે. ખરેખર, હું તમને એકાંતમાં અને જાહેરમાં તથા જે પણ પરિસ્થિતિમાં તમે હો તેમાં, અલ્લાહના તકવાની વસિયત કરું છું. દુનિયા બલા અને ફનાનું ઠેકાણું છે, અને આખેરત જઝા અને બકા (બાકી રહેવા)નું ઠેકાણું છે, તો તમે જે બાકી રહેવાવાળું છે તેના માટે અમલ કરો, અને જે ફના થવાવાળું છે તેનાથી મોઢું ફેરવી લો, અને દુનિયામાંથી તમારા ભાગને ભૂલી ન જાઓ.

હું તમને સાત બાબતોની વસિયત કરું છું, કે જો તમે તેના ઉપર અમલ કરશો, તો સંપૂર્ણ ઈસ્લામને પામી જશો.

૧) અલ્લાહથી ડરતા રહો અને તેના સાનિધ્યમાં તેના બંદાઓનો ખોફ ન કરો.

૨) સર્વશ્રેષ્ઠ કોલ એ છે કે જેનું સમર્થન અમલથી હોય.

૩) એક જ બાબતમાં બે જુદા જુદા ફેંસલા ન કરો કે જેથી તે ઈખ્તિલાફનું કારણ ન બની જાય અને તમને હકથી દૂર ન કરી દે.

૪) તમે જેટલી મોહબ્બત તમારા પોતાનાથી અને પોતાના પરિવારથી કરો છો, તેટલી જ મોહબ્બત જનસામાન્ય માટે કરો, અને તમે તમારા અને તમારા પરિવાર માટે જેને મકરૂહ સમજો છો, તેને સામાન્ય પ્રજા માટે પણ મકરૂહ જાણો, હુકૂમત સ્થાપવા માટે આ જ સૌથી યોગ્ય છે અને લોકો માટે સૌથી વધુ ફાયદાકારક છે.

૫) રાહે હકમાં લડતા રહો અને મલામત કરવાવાળાની પરવા ન કરો.

૬) જ્યારે કોઈ તમારાથી મશ્વેરો ઈચ્છતો હોય, તો તેને મુખ્લિસ મશ્વેરો આપો.

૭) પોતાના નફસને તમામ મુસલમાનો માટે, નજીકના હોય કે દૂરના હોય, પેશવા બનાવો.

અલ્લાહ તેનો શુક્ર અદા કરવામાં, તેનો ઝિક્ર કરવામાં, તેનો હક અદા કરવામાં અને તેની બંદગીમાં અમલ બજાવી લાવવામાં અમારી અને તમારી સહાયતા કરે. તમારા માટે જરૂરી છે કે જાહેર અને બાતિનમાં તકવો અપનાવો અને દરેક પરિસ્થિતિમાં તેના પર સાબિતકદમ રહો. અલ્લાહ અમને અને તમને મુત્તકીઓમાં ગણે.

તમારે બરાબર રોઝા રાખવા જોઈએ. તથા રસૂલલ્લાહ (સ.)એ પહેલા વર્ષે રમઝાનના પહેલા દસ દિવસોમાં એતેકાફ કર્યો અને બીજા વર્ષે બીજા દસ દિવસોમાં એતેકાફ કર્યો અને ત્રીજા વર્ષે, જ્યારે બદ્રથી પાછા ફરી ચૂકેલા હતા, તો એતેકાફ પૂરો કર્યો, અને પછી સૂઈ ગયા અને સપનામાં છેલ્લા દસ દિવસોની અંદર શબે કદ્રને જોઈ, એવી રીતે કે આપ (સ.) પાણી અને માટીમાં સજ્દો કરતા હોય. પછી જ્યારે આપ (સ.) જાગ્યા, તો આપ (સ.) એ રાત્રે પોતાની બીબીઓની પાસે ગયા, આપ (સ.) ની સાથે આપ (સ.)ના કેટલાક અસ્હાબ પણ હતા, પછી એ રાત્રે — કે જે ત્રીસમી (રમઝાનની) રાત હતી — તેમના પર વરસાદ પડ્યો. રસૂલલ્લાહ (સ.)એ ફજ્રની નમાઝ અદા કરી, અને આપ (સ.) ના ચહેરા પર માટી જોવામાં આવી. ત્યાર પછી રસૂલલ્લાહ (સ.)એ પોતાની વફાત સુધી માહે રમઝાનના છેલ્લા દસ દિવસો દરમિયાન એતેકાફ કરવાનું ક્યારેય ન છોડ્યું. રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, “જેણે માહે રમઝાનના રોઝા રાખ્યા, અને શવ્વાલના છ રોઝા પણ રાખ્યા, તે એવો છે કે જાણે આખું વર્ષ રોઝા રાખ્યા.”

અલ્લાહ આપણી દોસ્તીને મુત્તકીઓ અને મુખ્લિસોની દોસ્તી જેવી બનાવે, અને અમને

તથા તમને રિઝવાનની જગ્યામાં ભેગા કરે એવી રીતે કે (જેવું અલ્લાહે ફરમાવ્યું છે,) "તખ્તો પર એકબીજાની સામે ભાઈ–ભાઈની જેમ હશે." (સૂરા હિજ્ર, આયત–૪૭) ઈન્શાઅલ્લાહ.

**તહકીમ કરવા પર રાજી થયા પછી**

તહકીમના ફરેબમાં ન આવવા ઈમામ (અ.)એ લોકોને લાખ સમજાવ્યા, પરંતુ ફોજનો એક મોટો ભાગ અડગ રહ્યો કે સુલેહ અને તહકીમનો પરસ્પર કોલ કરાર થવો જોઈએ. જ્યારે કોલ કરાર થઈ ચૂક્યા, તો લોકોને ઈમામ (અ.)ની વાત સમજમાં આવી. પછી તેઓ હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી અરજ કરવા લાગ્યા કે, "મુઆવિયાથી જે કોલ કરાર થયા છે, તે રદ કરી દેવામાં આવે, અને ફરીથી જંગની શરૂઆત કરવામાં આવે." એના જવાબમાં આપ (અ.)એ ફરમાવ્યું:

વાય થાય તમારા ઉપર, અહદ કરી દીધા પછી તમે ઈચ્છો છો કે હું અહદને તોડી નાખું. શું અલ્લાહે નથી ફરમાવ્યું કે, "જ્યારે તમે લોકો અંદરોઅંદર કોઈ અહદ કરો, તો પૂરો કરો." (સૂરા માએદા, આયત–૧) વળી એમ પણ ફરમાવ્યું છે કે, "અને તમે અલ્લાહના અહદને પૂરો કરો, જ્યારે પણ તમે અહદ કરો અને કસમોને ન તોડો તેની મજબૂતાઈ પછી જ્યારે કે તમે અલ્લાહને પોતાના ઉપર ઝામિન બનાવ્યો છે. તમે જે કંઈ કરો છો અલ્લાહ તેને જાણનારો છે."

(સૂરા નહલ, આયત–૯૧)

જ્યારે આપ (અ.)એ વાયદાને તોડવાનો ઈન્કાર કરી દીધો, તો એક માણસે કહ્યું કે, "યા અમીરલ મોમિનીન! માલિકે અશ્તર આ અહદનામાથી નારાજ છે અને ફરીથી જંગ કરવાનો વિચાર ધરાવે છે."

તો આપ (અ.)એ તેનો જવાબ આપતાં ફરમાવ્યું,

"જ્યારે હું રઝામંદ થઈ ચૂક્યો છું, તો અશ્તર પણ જરૂર રાજી થઈ જશે, અને વળી મેં પોતાની રઝા આપી દીધી છે અને તમે લોકોએ પણ રઝા આપી દીધી છે. રઝા આપ્યા પછી અહદથી નાફરમાની નથી થઈ શકતી અને કરાર કર્યા પછી ફેરફાર શક્ય નથી, સિવાય એના કે અલ્લાહના ગુનાહગાર હોઈએ તથા અલ્લાહની કિતાબના વિરુદ્ધ અમલ કરનારા હોઈએ, અને તમે લોકોએ જેવું કહ્યું તેમ અશ્તર બુરા હુકમોના તાબેદાર નથી. હું એ વાતને કબૂલ કરતો નથી. હું અશ્તરને કદાપિ આવા પ્રકારના માણસ નથી સમજતો અને ન તો મને એમનાથી કોઈ પ્રકારનો ડર છે. કાશ! તમારામાં એના જેવા બે માણસો હોત, બલ્કે એવો એક જ જણ નજરે પડતો તો મારું કામ આસાન થઈ જાત. એવા લોકો દુશ્મનોમાં તો નજરે પડે છે. ઉમ્મીદ નથી કે તમે લોકો કંઈ કરી શકશો. મધ્યસ્થીઓના મુકર્રર કરવામાં અને તેમના ફેંસલામાં અમે ઈચ્છતા હતા કે તમે ગુમરાહ ન થાઓ." (નાસિખ) (ક્રમશ:)

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

## "ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા"

### અમારા ત્યાં બનતા ઉત્પાદનો

**ઘાણીના તેલ**

- સિંગ તેલ (મગફળીનું તેલ)
- સરસવ તેલ
- રાયડા તેલ
- તલ તેલ
- કોપરેલ તેલ
- બ્લેન્ડેડ હેર ઓઇલ
- બ્લેન્ડેડ મસાજ ઓઇલ

**મસાલા**

- પ્રીમિયમ મરચું પાઉડર
- રેશમપટ્ટી મરચું પાઉડર
- હોટ તેજા મરચું પાઉડર
- પ્રીમિયમ હળદળ પાઉડર
- પ્રીમિયમ ધાણા જીરું
- ધાણા પાઉડર
- સિંધવ નમક
- નેચરલ ચા પત્તી

**ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય**



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

વધુ માહિતી માટે સંપર્ક કરો:
83476 14814



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૬૦**

**તબ ફીરોઝ ગુલામ થા, સો આગે આવ પડીયા,**
**અને બુખ્તરી સેતી, આવ મુકાબલા કરીયા.**

*(ત્યારે ફીરોઝ ગુલામ હતા તે લડવા માટે આગળ આવ્યા, અને બુખ્તરીની સામે મુકાબલો કર્યો.)*

**તબ બુખ્તરીએ રીસસું, હુમલા કિતા,**
**તબ ફીરોઝને નેઝેસું, ઉસે ઉચા રે લિતા.**

*(ત્યારે બુખ્તરીએ ગુસ્સામાં હુમલો કર્યો, તો ફીરોઝ ગુલામે તેને નેઝાથી ઊંચો કર્યો.)*

**તબ અબ્દુલ્લાહને ગુલામ, પાસથી નેઝા રે લિયા,**
**અને દુશ્મનું ઉપર, હુમલા રે કિયા.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબે ફીરોઝ ગુલામ પાસેથી નેઝો લઈ લીધો, અને દુશ્મનો પર હુમલો કર્યો.)*

**અસદને મોહંમદ, પીછે અનુંકિ જાવા,**
**સો અબ્દુલ્લાહકે સેતી, તન આપકા પોંચાવા.**

*(અસદ અને મોહંમદ તેમની પાછળ પાછળ ગયા, જેથી તેઓ પોતાની ઝાતને અબ્દુલ્લાહ સાહેબની સાથે પહોંચાડી દે.)*

**તબ ફીરોઝને દેખા, સાહેબ આગે રે ચલીએ,**
**કે દુશ્મનું સેતી, જા ધસ કર મિલીએ.**

*(ત્યારે ફીરોઝ ગુલામે જોયું કે અબ્દુલ્લાહ સાહેબ ઘણા આગળ નીકળી ગયા છે, અને દુશ્મનોની સાથે એકાએક ભેગા થઈ ગયા છે.)*

**એતા બૂઝને ફીરોઝ, ફિર અનું સાથ આયા,**
**સો એકઠે હોને, હુમલા કરાયા.**

*(આટલું વિચારીને ફીરોઝ ગુલામ ફરીથી એમની સાથે આવ્યા, અને (ત્રણેય) સાથે મળીને હુમલો કર્યો.)*

**તબ પોંચસો અસવાર, એ રે ભગાએ,**
**જે બુખ્તરી સાથ, થે આએ સુણાએ.**

*(ત્યારે ૫૦૦ ઘોડેસવારોને ભગાડી દીધા કે જે બુખ્તરીની સાથે આવેલા હતા, એવું સાંભળ્યું છે.)*

**સબ માર કર પીછે, લશ્કરમાં દિતે,**
**એસે મારે એતને, હેં રણ રે જીતે.**

*(બધાને મારીને લશ્કરમાં મોકલી દીધા. આવા તો એટલા બધા માર્યા કે રણમેદાનને જીતી લીધું.)*

**તબ શીસ બિન રબીઆ, થા એકકા નામા,**
**લે અસવાર રે પાંચસો, આયા રણકે ઠામા.**

*(ત્યારે એકનું નામ શીસ બિન રબીઆ કરીને હતું. તે ૫૦૦ ઘોડેસવારોને લઈને રણમેદાનમાં આવ્યો.)*

**બુખ્તરીકું આવકર, ઉને દિયા રે તાના,**
**તું ફોજ લે ભાગા, ચાર તન આગે રે જાના.**

*(તેણે આવીને બુખ્તરીને મહેણું માર્યું કે તું ચાર માણસોની સામે આખી ફોજ લઈને ભાગી ગયો!)*

**તું ચાર તનું આગે, લે ફોજ રે ભગાતા,**
**એતી તો શરમ, નાંહીં મન રે લાતા.**

*(તું ચાર માણસોની આગળ ફોજ લઈને ભાગી આવ્યો? શું તારા દિલમાં જરાય પણ શરમ ન આવી?)*

**સુનો બુખ્તરી સેતી, બાત શીસને એ કિતી,**
**એ મોમિનો સુનતે, એતી ચંતા મન દિતી.**

*(સાંભળો કે બુખ્તરીની સાથે શીસ બિન રબીઆએ આટલી વાત કરી. સાંભળીને મોમિનોએ દિલમાં આટલો વિચાર કર્યો.)*

**રેતૂહી**

**ચાર તનસું જા રણમાં,**
**કિતા એસા જંગ રે, કિતા એસા જંગ;**
**ગુલામે પાંચસો અસવારકા,**
**મારને કિતા ભંગ રે, મારને કિતા ભંગ.**

*(ચાર સિપાહીઓએ રણમેદાનમાં જઈને આવો જંગ કર્યો, અને એકલા ગુલામે ૫૦૦ ઘોડેસવારોને મારીને ભગાડી દીધા.)*

### બયાન નં.૨૬૧

**સુનો બુખ્તરી કો શીસને, એતા કે ને ફિરાયા,**
**ઉસકી ફોજ હો સેતી, પીછા આયા રે સુણાયા.**

*(સાંભળો કે શીસ બિન રબીઆએ બુખ્તરીને આટલું કહીને પાછો વાળ્યો, અને તે એની ફોજની સાથે પાછો આવ્યો, એવું સાંભળ્યું છે.)*

**સો બુખ્તરીને શીસ, દોનું મિલકર આએ,**
**ફોજ હઝાર હો સેતી, આવ હુમલા કરાએ.**

*(પછી બુખ્તરી અને શીસ બન્ને એક હજારનું લશ્કર લઈને આવ્યા. બન્નેએ સાથે મળીને આવીને હુમલો કર્યો.)*

**યું હઝારને આવ કર, ડાલીયા ઘેરા,**
**અને ચારું રે તનકું, ઘેર લિયા રે સવેરા.**

*(આવી રીતે એક હજારના લશ્કરે આવીને ઘેરો ઘાલ્યો, અને ચારેય જણાને જલ્દીથી ઘેરામાં લઈ લીધા.)*

**તબ અબ્દુલ્લાહ શિસકે, ઉપર રે આએ,**
**અસદને મોહંમદ, સાથ રહે રે સુણાએ.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબ શીસની સામે આવ્યા, અને અસદ અને મોહંમદ પણ તેમની સાથેને સાથે જ હતા, એવું સાંભળ્યું છે.)*

**એ આવને શીસકું, બોત કિયા રે જંગા,**
**કે લશ્કર ઉસકા, માર કિયા રે ભંગા.**

*(એમણે આવીને શીસના (લશ્કર) સાથે ઘણી લડાઈ કરી, અને તેના લશ્કરને મારીને વેરવિખેર કરી નાખ્યું.)*

**અને ફીરોઝ થે આએ, બુખ્તરીકે સામી,**
**તબ એકસો ને તીસ, મારે ચુનચુન નામી.**

*(અને ફીરોઝ ગુલામ બુખ્તરી દુશ્મનની સામે આવ્યા, ત્યારે તેમણે ૧૩૦ મશહૂર દુશ્મનોને શોધી શોધીને મારી નાખ્યા.)*

**એતે ફીરોઝ તો જંગમાં, હુએ ઘાયલ સુણાએ,**
**તબ કદમ તો શહઝાદેકી, તરફ઼ રે ફિરાએ.**

*(એટલામાં સાંભળવા મળ્યું કે ફીરોઝ ગુલામ લડાઈમાં લડતાં લડતાં ઘાયલ થઈ ગયા, ત્યારે ઈમામ હુસૈન (અ.)ની પાસે જવાનો વિચાર કર્યો.)*

**તબ ઉસ્માન મસલ્લીએ, દગા રે કિતા,**
**સો કમ્મરમાં પીછેથી, આવ નેઝા રે દિતા.**

*(ત્યારે ઉસ્માન મસલ્લીએ છેતરપિંડી કરીને પાછળથી આવીને કમ્મરમાં બરછીનો વાર કર્યો.)*

**તબ ગીરીએ ફીરોઝ, જમીંકે માંહાં,**
**તબ ઘોડા ચલ ગયા, ઠાડા રહ્યા રે નાંહાં.**

*(ત્યારે ફીરોઝ ગુલામ જમીન ઉપર પડી ગયા, અને તેમનો ઘોડો ચાલ્યો ગયો. ત્યાં ઊભો ન રહ્યો.)*

**તબ ફીરોઝને પ્યાદે, હો ચંતા રે કિતી,**
**ડાલ નેઝા ને હાથમાં, શમશેર લિતી.**

*(ત્યારે ફીરોઝ ગુલામ પ્યાદા થઈ ગયા. તો ચિંતા કરીને બરછી ફેંકીને હાથમાં તલવાર લીધી.)*

**એ સુન સુન બાતી, સહી કર લિજે,**
**અને એક કર રબકું, મન એતના દિજે.**

*(આ વાતોને સાંભળીને સાચી માનજે, અને "અલ્લાહ એક છે." એવું દિલમાં લાવજે.)*

**રેતૂહી**

**જે ચાવે સોહી કરે,**
**આપ રબ રહેમાન રે, આપ રબ રહેમાન;**
**ઉસથી છાના કુછ નહીં,**
**વે કાદિર સબ પર માન રે, વે કાદિર સબ પર માન.**

*(આપણો મહેરબાન પરવરદિગાર જે ઈચ્છે તે કરવાવાળો છે, તેનાથી કોઈ વસ્તુ છૂપી નથી, અને માની લે કે તે દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે.)*

**ગડમથલ નં.૩૮૪નો ઉકેલ**

<u>આડી ચાવીઓ:</u> (૧) સરાહના (૪) પરવરિશ (૭) રાઝદાર (૯) દાવર (૧૧) ગદા (૧૨) રઅદ (૧૪) રકાત (૧૬) અરમાન (૧૮) સના (૨૦) રિદા (૨૧) દમદાર (૨૩) સાલભર (૨૫) ફઝીલત (૨૬) શાન (૨૭) તાકત (૨૮) ખલલ (૩૦) આમ (૩૧) રવા (૩૨) કસબ (૩૩) રાહત <u>ઊભી ચાવીઓ:</u> (૧) સરદાર (૨) હરારત (૩) નાઝ (૪) પરદા (૫) વઝીર (૬) શહદ (૮) દાગદાર (૧૦) વકાર (૧૩) અફસર (૧૫) સનમ (૧૬) અદાલત (૧૭) માદર (૧૯) ગિરફતાર (૨૦) રિસાલત (૨૨) દામન (૨૪) સલામત (૨૬) શાલ (૨૮) ખસ (૨૯) લબ (૩૦) આહ



Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી,
ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ,
જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર,
તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ,
છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની
બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા,
જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર
ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ,
જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ,
અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com
MARVEL JEWELLERS

# میر انیسؔ مرثیہ
# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૭ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۷

| કરબલાના મેદાનમાં ઇમામ હુસૈન (અ.)ની એકલતા, ઉમ્મતની બખ્શિશ માટે દુઆ અને બારગાહે રબ્બુલ ઇઝઝતમાં આખરી સજદો | میدانِ کربلا میں امام حسین علیہ السلام کی تنہائی، بخشش امت کے لئے دعا اور بارگاہِ رب العزت میں آخری سجدہ |
|---|---|

۴۳
میری اماں کا ہے مشہور جہاں میں پردہ
بعد رحلت بھی جنازہ نہ کسی نے دیکھا
اس کی بیٹی ہوں ترے ظلم سے یہ وقت پڑا
برہنہ سر ہوں گریبان پھٹا سر ہے کھلا
دلِ زہراؑ جگرِ شیرِ خدا کٹتا ہے
ظلم سے تیرے محمدؐ کا گلا کٹتا ہے

(મારી અમ્માનો પડદો દુનિયામાં એવો મશહૂર છે કે એમના મોત પછી પણ એમનો જનાઝો કોઈએ જોયો નથી. હું એમની બેટી છું, પણ તારા જુલ્મના લીધે આવો સમય આવી પડ્યો છે. ઉઘાડા માથે છું, ગિરેબાન ફાટેલો છે, અને માથું ખુલ્લું છે. બીબી ઝહરા (અ.) અને શેરે ખુદાનું કાળજું કપાઈ જાય છે. તારા આ જુલ્મથી મોહંમદ (સ.) નું ગળું કપાય છે.")

۴۴
غش میں حضرت نے سنے جب کہ یہ زینبؑ کے سخن
کھول کر دیدۂ پر خوں کو اٹھائی گردن
دیکھا سر ننگے کھڑی روتی ہے مقتل میں بہن
بنتِ زہراؑ کو پکارے یہ شہنشاہِ زمن
کیا کیا تم نے کہ پردے سے کھلے سر نکلی
جیتے جی میرے سرا پردے سے باہر نکلی

(બેભાન અવસ્થામાં જ્યારે ઈમામ હુસૈન (અ.)એ બીબી ઝૈનબ (અ.)ના આવા શબ્દો સાંભળ્યા, તો લોહીથી ખરડાયેલી આંખો ખોલીને પોતાની ગરદન ઊંચી કરી. જોયું કે મકતલમાં ઉઘાડા માથે બહેન રડી રહ્યાં છે. ત્યારે

જમાનાના શાહ હુસૈન (અ.)એ બીબી ઝૈનબ (અ.)ને પોકારીને કહ્યું, “તમે આ શું કર્યું કે ઉઘાડા માથે પડદાથી બહાર નીકળી આવ્યાં! મારા જીવતાં જીવ તમે (ખૈમાના) પડદામાંથી બહાર નીકળી આવ્યાં!”)

۴۵
کس کو سمجھاتی ہو کوئی نہ سنے گا فریاد　　باز آئے گا نہیں قتل سے میرے جلاد
جتنا تم پیٹتی ہو اور لعیں ہوتے ہیں شاد　　حشر کے روز خدا دیوے گا اس خون کی داد
شوق مرنے کا ہے سر تن سے جدا ہونے دو
جاؤ گھر میں مجھے امّت پہ فدا ہونے دو

(ઈમામ હુસૈન (અ.)એ કહ્યું, “કોને સમજાવો છો! અહીં કોઈ જ તમારી ફરિયાદ નહીં સાંભળે. આ જલ્લાદ મને કત્લ કર્યા સિવાય નહીં રોકાય. જેટલું તમે માતમ કરી રહ્યાં છો એટલા આ દુશ્મનો વધારે ખુશ થઈ રહ્યા છે. કયામતના દિવસે અલ્લાહ આ ખૂનનો બદલો તેમની પાસેથી લેશે. મને શહીદીનો શોખ છે, તો મારું સર તનથી જુદું થઈ જવા દો. તમે અત્યારે ખૈમાની અંદર જાઓ, મને (નાનાની) ઉમ્મત પર કુરબાન થવા દો.”)

۴۶
کہہ کے یہ غش ہوئے پھر رن میں شہنشاہِ امم　　شمرِ اظلم نے رکھا سینۂ اقدس پہ قدم
جگرِ فاطمہؑ زہرا پہ چلی تیغِ دو دم　　آگے زینبؑ کے ہوئے ذبح حسینؑ آہ ستم
پیٹ کے بنتِ شہنشاہِ زمن رونے لگی
باپ کو بیٹی، برادر کو بہن رونے لگی

(આટલું કહીને ફરીથી ઈમામ હુસૈન (અ.) રણમેદાનમાં બેભાન થઈ ગયા. જાલિમ શિમ્રએ આપ (અ.)ના પાક સીના પર પગ મૂક્યો. બીબી ફાતેમા ઝહરા (અ.)ના જિગર પર બેધારી તલવાર ચાલી. આહ! કેવો સિતમ કે બીબી ઝૈનબ (અ.)ની સામે ઈમામ હુસૈન (અ.) શહીદ થઈ ગયા. માતમ કરતાં કરતાં બીબી સકીના (અ.) રડવા લાગ્યાં. બાપ માટે બેટી અને ભાઈ માટે બહેન રડવા લાગ્યાં.)

۴۷
فتح کا فوجِ مخالف میں بجا نقّارا　　غل ہوا قتل ہوا شیرِ خدا کا پیارا
بس انیسؔ اب نہیں گویائی کا مجھ کو یارا　　غم سے خوں ہو گیا سینے میں کلیجا سارا
کس سے اس درد مصیبت کا بیاں ہوتا ہے
آنکھیں روتی ہیں قلم روتا ہے دل روتا ہے

((આ બાજુ) દુશ્મનોની ફોજમાં જીતનું નગારું વાગવા લાગ્યું. શોર થવા લાગ્યો કે શેરે ખુદાના પ્યારા શહીદ થઈ ગયા. અય ‘અનિસ’! બસ, હવે મારામાં બોલવાની તાકાત નથી. છાતીમાં મારું કલેજું દુઃખથી ભરાઈ ગયું છે. કોનાથી આ મુસીબતની પીડાનું વર્ણન થઈ શકે છે. હવે આંખો રડે છે, કલમ રડે છે, અને દિલ પણ રડે છે.)

سیرت ائمہ اہلبیت

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ઓહદની લડાઈમાં**

તારીખ ઈબ્ને અસીરમાં છે કે કુરૈશના અલમદારોને હઝરત અલી (અ.)એ કતલ કર્યા હતા. શેખ મુફીદની કિતાબ અલ–ઈર્શાદમાં અને તારીખે તબરીમાં પણ આવું જ બયાન છે. વળી, હસન ઈબ્ને મહબૂબે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, "ઓહદના દિવસે કુરૈશના બહાદુરો અને બની અબ્દુદ્દારના નવ અલમદારોને હઝરત અલી (અ.) એ કતલ કર્યા હતા."

અલી ઈબ્ને ઈબ્રાહીમની તફસીરે કુમ્મીમાં છે કે, જ્યારે હઝરત અલી (અ.)એ અલમદારોને કતલ કરી દીધા, તો બની અબ્દુદ્દારનો સવાબ નામી એક જુવાન આગળ વધ્યો. હઝરત અલી (અ.)એ તેના ઉપર હુમલો કરીને તેને પણ કતલ કરી દીધો. હવે આ લડાઈમાં મુશરિકોનો અલમ એવો પડ્યો કે પછી કોઈ માણસે એવી હિંમત ન કરી કે આગળ વધીને તેને ઉપાડી લે. તે સમયે એક સ્ત્રી ઉમરા બિન્તે અલ્કમા હારસિયા તેની તરફ આગળ વધી. તેના વિષે શાયર કહે છેઃ

"જો હારસિયા અલમ ન ઉપાડી લેત, તો આ લોકો બજારોમાં ગુલામોની જેમ વેચાઈ જાત."

અલી ઈબ્ને ઈબ્રાહીમની રિવાયતમાં છે કે, જ્યારે તલ્હા ઈબ્ને અબી તલ્હાના સામના માટે હઝરત અલી (અ.) ગયા, તો તેણે આપ (અ.) ને કહ્યું કે, "અય કઝીમ! તમારા સિવાય કોઈએ મારો સામનો કરવા આવવાની હિંમત કરી નથી." રાવી કહે છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ને તલ્હાનું હઝરત અલી (અ.)ને 'કઝીમ' કહેવાનો અર્થ પૂછવામાં આવ્યો, તો ઈમામ (અ.)એ ફરમાવ્યું, "જ્યારે રસૂલે અકરમ (સ.) મક્કામાં હતા, તો કોઈ માણસ અબૂ તાલિબ (અ.)ના મોભાને કારણે આપ (સ.)ના વિરુદ્ધ કાંઈ કરી શકતો ન હતો. એટલા માટે તે લોકો રસૂલે અકરમ (સ.)ની પાછળ છોકરાઓને લગાવી દેતા હતા, જ્યારે આપ (સ.) બહાર નીકળતા, તો છોકરાઓ આપ (સ.)ને પત્થર અને માટીનાં ઢેપાં મારતા. રસૂલે અકરમ (સ.)એ

તેની ફરિયાદ હઝરત અલી (અ.)ને કરી, તો તેમણે ફરમાવ્યું કે, "યા રસૂલલ્લાહ! મારાં મા–બાપ આપ પર કુરબાન થાય, જ્યારે આપ બહાર નીકળો, તો મને પણ સાથે લેતા જાઓ. બીજા દિવસે, રસૂલે અકરમ (સ.) હઝરત અલી (અ.)ને સાથે લઈને બહાર નીકળ્યા, તો છોકરાઓ ટેવ મુજબ આપ (સ.)ને સતાવવા લાગ્યા. બસ હઝરત અલી (અ.) એ તેમના ઉપર હુમલો કરીને તેમનાં મોઢાં, કાન અને નાક મચકોડી નાખ્યાં હતાં. ત્યારે છોકરાઓ રડતા રડતા તેમના લોકોમાં ગયા અને તેમને જણાવ્યું કે અલી (અ.)એ અમને મચકોડી દીધા છે. આ રીતે આપ (અ.) મક્કાના છોકરાઓમાં 'કઝીમ' નામથી પ્રખ્યાત થયા."

ઘણીખરી રિવાયતો તે વાત ઉપર ભાર મૂકે છે કે જ્યારે કુરૈશના બધા અલમદાર કતલ થઈ ગયા અને બન્ને લશ્કરો તીવ્ર લડાઈમાં વ્યસ્ત થઈ ગયાં, તો જે પણ હઝરત અલી (અ.)ની નજીક આવતો, આપ (અ.) પોતાની તલવારથી તેના ટુકડા કરી દેતા અથવા તેના માથા ઉપર એવો ઘા કરતા કે તેનું માથું બે ભાગમાં વહેંચાઈ જતું અને તે નીચે પડી જતો. મુશરિકો તે રીતે વિખેરાયા કે તેમને કોઈ વસ્તુનું ભાન રહ્યું નહીં. તેથી જ્યારે મુસલમાનોએ તેમની સ્ત્રીઓને ઘેરી લીધી, તો તેમનાં દિલોમાં ધાક બેસી ગઈ. જો મુસલમાનો ઈચ્છત તો હિન્દને અને જે તેની સાથે હતી તે બધી સ્ત્રીઓને કેદી બનાવી લેત, કેમ કે તેમને રોકવાવાળો કોઈ ન હતો.

'શર્હે નહ્જુલ બલાગા'માં વાકદીની રિવાયત છે કે તેમણે જણાવ્યું, "રસૂલે અકરમ (સ.)ના માટે ઓહદમાં વિજય મેળવવા માટેની જે વ્યવસ્થા થઈ એવી, કોઈ બીજા સમયે ક્યારેય નથી થઈ. વિજય મુસલમાનોની તરફ રહ્યો, એટલે સુધી કે મુસલમાનોએ રસૂલે અકરમ (સ.)ના હુકમની અવગણના કરી અને ગનીમત સમેટવામાં લાગી ગયા. રાવી વધુમાં કહે છે કે જે મુસલમાનો આ લડાઈમાં હાજર રહ્યા, તે કહ્યા કરતા હતા કે અમે હિન્દ અને તેની સાથી સ્ત્રીઓ અને કનીઝોને જોઈ રહ્યા હતા કે તે એટલી બધી વ્યાકુળ થઈ રહી હતી કે જે ઈચ્છતો તેમને પકડી લેતો, પરંતુ અલ્લાહની મરજીને કોઈ બદલવાવાળું નથી, કેમ કે મુસલમાનો ઉપર તે તીરંદાજો તરફથી મુસીબત તૂટી પડી કે જેને રસૂલે અકરમ (સ.)એ પોતાની પાછળની તરફ નક્કી કર્યા હતા કે જેથી જો પહાડ તરફથી હુમલો થાય, તો તે તેમનું પાછળથી રક્ષણ કરે, પરંતુ જ્યારે મુશરિકો ભાગી ગયા અને મુસલમાનો ગનીમત લૂંટવામાં વ્યસ્ત થઈ ગયા, તો તેમનામાંથી ઘણાએ પોતાનું તે સ્થાન છોડી દીધું કે જ્યાં રસૂલે અકરમ (સ.)એ તેમને રોક્યા હતા. તેથી ત્યાં તેમના સેનાપતિ અબ્દુલ્લાહ ઈબ્ને જાબીર અને બીજા નવ કે દસ લોકો સિવાય કોઈ વધ્યું નહીં. તે સમયે ખાલિદ ઈબ્ને વલીદે પહાડની તરફ

નજર નાખી તો તેને તે લોકોથી ખાલી જોયો. તેણે સમયને ગનીમત સમજીને તેમના ઉપર પાછળથી હુમલો કરી દીધો. જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને જાબીર અને તેમના સાથી ઘણી બહાદુરીથી સામનો કરી રહ્યા હતા, ત્યારે હારેલા મુશરિકોએ જોયું કે તેમના સવારો મુસલમાનો ઉપર હુમલો કરી રહ્યા છે અને મુસલમાનો તેમને મળેલા વિજયને કારણે સંતુષ્ટ છે. તેઓ માલે ગનીમતમાં એટલા વ્યસ્ત છે કે તેમને રસૂલે અકરમ (સ.)ની પણ ચિંતા નથી. તેથી મુશરિકો પાછા આવી ગયા અને તેમણે બધી બાજુએથી મુસલમાનોને ઘેરી લીધા. મુસલમાનોને તે સમયે ભાન થયું કે જ્યારે દુશ્મનો તેમને ઘેરી વળ્યા હતા અને તેમનામાં ભળી ગયા હતા. તેઓ તો બિલકુલ સ્તબ્ધ થઈ ગયા, કેમ કે તેઓ દરેક બાજુથી તલવારોના પ્રહારોમાં અને નેઝાઓની તાકમાં હતા. તેમની સ્થિતિ ઘણી ખરાબ થઈ ગઈ, એટલે સુધી કે તેમનામાંથી કેટલાકે ઈચ્છા વગર જ એકબીજાને કતલ કરી દીધા. તેવી ક્ષણોમાં પણ હઝરત અલી (અ.)ને રસૂલે અકરમ (સ.) અને તેમની સલામતી સિવાય બીજી કોઈ ચિંતા ન હતી.

તદુપરાંત, જ્યારે આપ (અ.)એ જોયું કે જ્યારથી આ લડાઈમાં મુશરિકોનો હાથ ઉપર થયો છે, ત્યારથી તેઓ આપ (સ.)ની તરફ નજર રાખી રહ્યા છે. તેથી હઝરત અલી (અ.) અને મુસલમાનોની એક જમાઅતે રસૂલે અકરમ (સ.)ના ફરતે ઘેરાબંધી કરી લીધી અને તેમનાથી દુશ્મનોને દૂર ખસેડવામાં લાગી ગયા અને તેમની સામે લડવા લાગ્યા. ઈતિહાસકારોના જણાવ્યા મુજબ, હઝરત હમ્ઝા (અ.) લોકોને ઘા પર ઘા કરી રહ્યા હતા, જો કે, તે સમયે ઘણાખરા મુસલમાનો આપ (સ.)ની પાસેથી જતા રહ્યા હતા અને મુશરિકો દરેક તરફથી આપ (સ.)ના ઉપર હુમલો કરી રહ્યા હતા, એટલે સુધી કે આપ (સ.)ને થોડાક ઘા પણ વાગ્યા અને આપ (સ.) બેહોશ થઈ ગયા.

શેખ મુફીદે તેમની કિતાબ અલ–ઈર્શાદમાં ઈબ્ને મસઊદની સનદથી બયાન કર્યું છે કે, તે લોકો કે જેઓ રસૂલે અકરમ (સ.)ની સાથે સાબિતકદમ રહ્યા, તે હઝરત અલી (અ.), અબૂ દુજાના (રઝી.) અને સુહૈલ ઈબ્ને હનીફ (રઝી.) હતા. તેઓ રસૂલે અકરમ (સ.)ને ચારેય બાજુથી ઘેરી વળ્યા હતા અને કુરૈશના હુમલાથી આપ (સ.)ને બચાવતા રહ્યા હતા, જ્યારે કે રસૂલે અકરમ (સ.) બેહોશ હતા. જ્યારે આપ (સ.)ને આરામ મળ્યો, તો હઝરત અલી (અ.)ને પૂછ્યું કે, “લોકોએ શું કર્યું?” હઝરત અલી (અ.)એ કહ્યું કે, “તેમણે કરારભંગ કર્યો અને પીઠ દેખાડીને નાસી ગયા.” હઝરત અલી (અ.) આપ (સ.)ની પાસે હતા એટલામાં મુશરિકોનું ટોળું આપ (સ.)ની પાસે આવ્યું. આપ (સ.)એ હઝરત અલી (અ.)ને ફરમાવ્યું, “અય અલી! તમે મને તેમનાથી બચાવો.” હઝરત અલી

(અ.) મુશરિકો ઉપર બાજ પક્ષીની માફક ઝપટ્યા. તેમનામાંથી એક જૂથ કતલ થઈ ગયું અને જે બચી ગયા તે ખસ્તા હાલતમાં હતા અને છેવટે હઝરત અલી (અ.)એ તેમને ભગાડી દીધા. તે દરમિયાન જ્યારે હઝરત અલી (અ.) રસૂલે અકરમ (સ.) ઉપર વારંવાર થવાવાળા હુમલાને રોકી રહ્યા હતા અને દુશ્મનોને ભગાડી રહ્યા હતા, ત્યારે બીજું ટોળું રસૂલે અકરમ (સ.) ઉપર હુમલો કરવા આવી ગયું અને જો હઝરત અલી (અ.)એ ઝપટીને તેમને આપ (સ.)થી હટાવ્યા ન હોત, તો તે લોકો આપ (સ.) સુધી પહોંચવામાં સફળ થઈ જાત.

મોહંમદ ઈબ્ને હબીબની આમાલીથી શર્હે નહ્જુલ બલાગામાં આ રિવાયત છે કે, ઓહદના દિવસે જ્યારે રસૂલે અકરમ (સ.)ની પાસેથી આપ (સ.)ના મોટા ગણાતા સહાબીઓ નાસી ગયા, તો મુશરિકોની ટુકડીઓનું આપ (સ.) તરફ ધ્યાન ગયું અને બની કનાનાની એક ટુકડી આપ (સ.)ની તરફ આગળ વધી. તેના પછી કનાના કબીલાના જ બની અબ્દે મનાત પણ આગળ વધ્યા કે જેમનામાં પચાસથી વધારે સવારો હતા. તેથી આપ (સ.)એ ફરમાવ્યું, “અય અલી! મને આ ટોળકીથી બચાવો.” હઝરત અલી (અ.) પ્યાદા હતા, જ્યારે તે લોકો ઘોડેસવાર હતા. હઝરત અલી (અ.) તેમના પર પોતાની તલવારથી પ્રહાર કરતા રહ્યા, એટલે સુધી કે તે બધાયને રસૂલે અકરમ (સ.)ની નજીકથી મારીને ભગાડી મૂક્યા. હવે આપ (સ.)ના ઉપર બીજી એક ટુકડી હુમલો કરવા આવી. હઝરત અલી (અ.)એ તેને પણ મારીને ભગાડી મૂકી. રાવી વધુમાં કહે છે કે, તે સમયે જિબ્રઈલે અમીન (અ.) નાઝિલ થયા અને રસૂલે અકરમ (સ.)ને ફરમાવ્યું, “અય મોહંમદ! આ એવી મદદ છે કે ફરિશ્તાઓ પણ તેના ઉપર અચંબિત છે.” આપ (સ.)એ ફરમાવ્યું, “કઈ બાબત અલીને તેનાથી રોકી શકે છે, જ્યારે કે તે મારાથી છે અને હું તેમનાથી છું?” ત્યારે જિબ્રઈલ (અ.) બોલ્યા કે, “હું આપ બન્નેથી છું.” તે દિવસે આસમાનથી આવો અવાજ સંભળાયો: لَاسَيْفَ اِلَّا ذُوالْفِقَار وَلَا فَتٰى اِلَّا عَلِيٌّ (કોઈ તલવાર નથી સિવાય ઝુલ્ફિકાર, અને કોઈ બહાદુર જવાન નથી સિવાય અલી (અ.).) રસૂલે અકરમ (સ.)ને તેની બાબતમાં પૂછવામાં આવ્યું, તો આપ (સ.)એ ફરમાવ્યું કે, “આ જિબ્રઈલ છે.”

આ હદીસની ઘણા હદીસકારોએ રિવાયત કરી છે અને આ પ્રખ્યાત હદીસોમાંથી એક છે.

‘શર્હે નહ્જુલ બલાગા’ના લેખકે આગળ આ રીતે લખ્યું છે: મેં તેને મુગાઝી ઈબ્ને ઈસ્હાકના કેટલાક નુસ્ખાઓમાં જોયું છે. પછી મેં તેના વિષે મારા શેખ અબ્દુલ વહ્હાબ ઈબ્ને સકીનાથી પૂછ્યું તો તેમણે ફરમાવ્યું, “આ સાચી હદીસ છે.” ત્યારે મેં તેમને કહ્યું, “શું કારણ છે કે આ સહીહમાં શામેલ નથી?” તેમણે કહ્યું કે, “શું સહીહમાં દરેક

સાચી હદીસ હાજર છે? અરે! સહીહને ભેગી કરવાવાળાઓએ તો ઘણી સાચી હદીસોને છોડી દીધી છે.”

(ઈબ્ને અબિલ હદીદ, શર્હે નહ્જુલ બલાગા, જિલ્દ–૧, સફ્હા–૩૭૨, મારકાએ ઓહદ)

હદીસ “لَا سَيْفَ اِلَّا ذُوالْفِقَارِ وَلَا فَتٰى اِلَّا عَلِيٌّ” ને ‘રિયાઝુન્નઝરા’ના લેખકે તેની બીજી જિલ્દ, અલી ઈબ્ને સુલ્તાને ‘મરકાત’માં, અહમદે ‘મનાકિબ’માં, હૈસમીએ ‘મજ્મઉલ ઝવાઈદ’માં, અને તબરી, વગેરે એ પણ રિવાયત કરી છે.

(ફિરોઝાબાદી, ફઝાઈલુલ ખમ્સા, જિલ્દ–૧, સફ્હા–૩૪૩)

સીરતે રસૂલના બધા લેખકો એ વાત પર સહમત છે કે તે દિવસે અલી (અ.)એ એવી ભૂમિકા ભજવી કે ઈતિહાસમાં આજદિન સુધી તેની મિસાલ મળી શકી નથી, કેમ કે આપ (અ.) પોતાના જીવન અને પોતાના જીવન સાથે સંબંધિત દરેક વસ્તુને ભૂલાવી ફક્ત રસૂલે અકરમ (સ.)ની સલામતી બાબતે જ ડૂબેલા રહ્યા. આપ (અ.)ના ખભા લોહીમાં એ રીતે લથપથ હતા જાણે કે ઊંટનાં કાળજાં. તલવાર આપ (અ.)ના હાથમાં એક વંટોળની જેમ ફરી રહી હતી કે જે ઘોડેસવાર નજીક આવતો તે તેના ટુકડા કરી દેતી, અને જે ટુકડી આગળ વધતી તે તેને મારીને ભગાડી દેતી અને તેના બહાદુરોને કતલ કરી નાખતી હતી. (ક્રમશ:)



# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

**હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)**

(ગતાંકનું ચાલુ)

**ઈમામ મૂસા (અ.)ની ઈમામત માટે આપ (અ.)ના વાલિદ તરફથી નસ્સ (લખાણ)**

મોહંમદ ઈબ્ને વલીદ જણાવે છે કે મેં અલી ઈબ્ને જાફર ઈબ્ને મોહંમદ અલ–સાદિકને કહેતાં સાંભળ્યા છે કે:

મેં મારા વાલિદ જાફર ઈબ્ને મોહંમદ (અ.) થી સાંભળ્યું છે કે તેઓ પોતાના સહાબીઓને કહી રહ્યા હતા, “મારા ફરઝંદ મૂસા (અ.)ની સાથે નમ્રતાથી વર્તજો. મારી ઓલાદમાં તે સૌથી અફઝલ અને ચઢિયાતા છે. તે મારા વારસદાર છે ને મારા પછી ઈમામ થશે. તે મારા પછી મખ્લૂક પર અલ્લાહ તઆલાની હુજ્જત હશે.

અલી ઈબ્ને જાફર પોતાના ભાઈ મૂસા ઈબ્ને જાફર (અ.)ના હંમેશાં વફાદાર રહ્યા અને તેમના હુકમોને પાળતા રહ્યા અને આપ (અ.)એ હિદાયત કરેલા દીન પર સાબિતકદમ રહ્યા. તેમણે એક કિતાબનું પણ સંપાદન કર્યું હતું કે જેનું નામ ‘મસાઈલ’ હતું. તે કિતાબમાં તે પ્રશ્નોને લખવામાં આવ્યા છે કે જે તેમણે ઈમામ મૂસા કાઝિમ (અ.) પાસેથી સાંભળ્યા હતા.

આ બાબતમાં અગણિત સનદો છે કે જે બધાંનો ઉલ્લેખ કરવો અહીં શક્ય નથી.

**ઈમામ મૂસા કાઝિમ (અ.)ના મોઅજિઝાઓ અને આપ (અ.)ની ઈમામતની નિશાનીઓ**

અબુલ કાસિમ ઈબ્ને જાફર ઈબ્ને મોહંમદ ઈબ્ને કૂલૂયાએ મને એક રિવાયત જણાવી હતી. તેમણે એ રિવાયત મોહંમદ ઈબ્ને યાકૂબ કુલૈનીના હવાલાથી જણાવી છે અને તેમણે તેને મોહંમદ ઈબ્ને યહ્યાના હવાલાથી અને તેમણે અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને ઈસાના હવાલાથી અને તેમણે અબૂ યહ્યા વાસિતીના હવાલાથી અને તેમણે હિશામ ઈબ્ને સાલિમના હવાલાથી જણાવી છે, તે કહે છે કે:

હું (હિશામ ઈબ્ને સાલિમ) અને મોહંમદ ઈબ્ને નોઅમાન કે જે સાહેબે તાકના નામથી જાણીતા છે, અબા અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ની શહાદત પછી મદીનામાં ભેગા

થયા. અમારા બન્નેનો એકમત હતો કે તેમના વાલિદ પછી અબૂ અબ્દિલ્લાહ ઈબ્ને જાફ્ર (અ.) જ હવે સાહેબે અમ્ર છે. અમે બન્ને તેમને મળવા માટે ગયા જ્યારે તેમની પાસે થોડાક લોકો બેસેલા હતા. અમે લોકોએ તેમને પ્રશ્ન કર્યો કે ઝકાતની રકમ કેટલી આપવી જોઈએ?

"દર બસો દિરહમે પાંચ દિરહમ," આપ (અ.) એ જવાબ આપ્યો.

"સો દિરહમ ઉપર કેટલી ઝકાત આપવી જોઈએ?" અમે પૂછ્યું.

"અઢી દિરહમ," આપ (અ.)એ જવાબ આપ્યો.

"અલ્લાહની કસમ! આપ મુર્જિઆના સિદ્ધાંતોને વર્ણવી રહ્યા છો," અમે કહ્યું.

"અલ્લાહની કસમ! હું મુર્જિઆના બારામાં કંઈ નથી જાણતો," જવાબ મળ્યો.

અમે — એટલે કે અબૂ જાફ્ર અલ્વાલ (મોહંમદ ઈબ્ને નોઅમાન) અને હું — ઊભા થઈને જતા રહ્યા. અમે લોકો ક્યાં જઈ રહ્યા હતા તેની અમને ખબર જ ન હતી. અમે લોકો મદીનાની એક ગલીમાં દુઃખી થઈને બેસી ગયા. અમારી સમજમાં આવતું ન હતું કે હવે ક્યાં અને કોની પાસે જઈએ. અમે મુર્જિઆ, કદરીયા, મોઅતઝિલા, ઝૈદીયા, અથવા ખવારિજ થઈ જવાનું વિચાર્યું. એ જ સમયે અમને એક શેખ નજરે પડ્યો કે જેને અમે ઓળખતા ન હતા. તેણે પોતાના હાથથી અમારી તરફ ઈશારો કર્યો. હું ગભરાયો, હું સમજ્યો કે કદાચ તે અબ્બાસી ખલીફા અબૂ જાફ્ર મન્સૂરનો જાસૂસ હશે, કારણ કે તે વખતે ખલીફાના જાસૂસ મદીનામાં ફરતા રહેતા હતા કે જેથી તેઓ એ શોધી લે કે ઈમામ જાફ્ર સાદિક (અ.)ના વારસદાર કોણ થયા છે. ખલીફાનો હેતુ તેમને પકડીને શહીદ કરી દેવાનો હતો. તે શેખને જોઈ અમે લોકો એવું જ સમજ્યા કે તે જાસૂસ છે.

"તમે જતા રહો," મેં અલ્વાલને કહ્યું, "મને મારા જીવનું જોખમ લાગે છે. તમે પણ સતર્ક રહેજો. તે ફક્ત મને ગિરફ્તાર કરવા માગે છે અને તમને પકડવા નથી માગતો. તેથી તમે મને છોડીને જ્યાં ઈચ્છો ત્યાં જતા રહો, કારણ કે તમે અહીં રહેશો તો તે તમને પણ પકડી લેશે."

અલ્વાલ મને છોડીને થોડે દૂર ગયા હતા કે હું તે શેખ પાસે ગયો. મેં એટલા માટે આવું કર્યું, કેમ કે મને લાગતું હતું કે હું તેનાથી નાસીને જઈ શકીશ નહીં. તે આગળ ચાલતો રહ્યો અને હું તેની પાછળ–પાછળ મોતની ભીંસમાં જકડાયો હોઉં તે રીતે ચાલતો રહ્યો. એટલે સુધી કે હું તેની સાથે અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)ના દરવાજે પહોંચી ગયો. મને ત્યાં મૂકીને તે જતો રહ્યો. દરવાજા પર એક ખાદિમ બેસેલો હતો. તેણે મને કહ્યું, "અલ્લાહ તમારા પર રહમ કરે! અંદર આવી જાઓ."

હું અંદર જતો રહ્યો. ત્યાં ઈમામ મૂસા કાઝિમ (અ.) બિરાજમાન હતા. આપ (અ.)એ મને કહ્યું

કે, “જે પૂછવું હોય તે પૂછી લો. મુર્જિઆ, કદરીયા, મોઅતઝિલા, કે ખવારિજને પૂછવાની જરૂર નથી.”

“હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, આપના વાલિદ હવે રહ્યા નથી.”

“હા,” આપ (અ.)એ જવાબ આપ્યો.

“શું હવે તેમનો કોઈ વારસદાર છે?” મેં પ્રશ્ન કર્યો.

“હા,” આપ (અ.)એ જવાબ આપ્યો.

“તો હવે તેમના વારસદાર ઈમામ કોણ છે કે જે લોકોને હિદાયત કરશે?” મેં પૂછ્યું.

“ઈન્શાઅલ્લાહ, અલ્લાહ તમને તેમના સુધી પહોંચાડી દેશે,” આપ (અ.)એ જવાબ આપ્યો.

“હું આપના ઉપર કુરબાન થઈ જાઉં,” મેં કહ્યું, “આપના ભાઈ અબ્દુલ્લાહે દાવો કર્યો છે કે તેઓ હવે ઈમામ છે.”

“અબ્દુલ્લાહ ઈચ્છે છે કે લોકો અલ્લાહની ઈબાદત યોગ્ય રીતે ન કરે,” આપ (અ.)એ જવાબ આપ્યો.

“હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, એ જણાવો કે હવે અમારા ઈમામ કોણ છે?” મેં ફરીથી પ્રશ્ન કર્યો.

“ઈન્શાઅલ્લાહ, અલ્લાહ તમને તેમના સુધી પહોંચાડી દેશે,” આપ (અ.)એ જવાબ દોહરાવ્યો.

“હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, શું તે ઈમામ તમે પોતે છો?” મેં પ્રશ્ન કર્યો.

“મેં એવું ક્યાં કહ્યું છે,” આપ (અ.)એ જવાબ આપ્યો.

મને મનોમન થયું કે કદાચ મેં ઉચિત રીતે સવાલ નથી પૂછ્યો. તેથી મેં ફરી સવાલ કર્યો, “હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, શું આપના ઉપર પણ કોઈની ઈમામત છે?”

આપ (અ.)એ નકારમાં જવાબ આપ્યો.

તેણે કહ્યું, “કોઈ વસ્તુ મારા સુધી પહોંચી, જેની અઝમત અને હૈબતને અલ્લાહ સિવાય જોઈ જાણતું નથી.”

તેથી મેં સવાલ કર્યો, “હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, શું હું આપના વાલિદથી જે રીતે સવાલ કરતો રહેતો હતો એ રીતે આપનાથી સવાલ કરી શકું?”

“સવાલ?” આપ (અ.)એ કહ્યું, “તમને જવાબ મળી તો જશે, પરંતુ તમે તેને લોકોને કહેતા ન ફરતા. જો તમે તે જવાબોને લોકોમાં ફેલાવી દેશો, તો પછી ફિત્નો થશે.” (ક્રમશઃ)

## નન્હે રોઝેદાર

### હિજરી સન-૧૪૪૬



રબાબઝહરા હસનઅબ્બાસ મોમિન
વાલેદા: રશીદાબેન (સાથળ)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



અનીસઅહમદ હુસૈનમોહંમદ મોમિન
વાલેદા: નફીસાબાનું (વસો)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
'રિસાલા હુકૂક'ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## ખુશ કરવાવાળાનો હક

(ગતાંકનું ચાલુ)

છઠ્ઠી હદીસમાં આવી રીતે બયાન થયું છે:

ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે: "તમારામાંથી જે વ્યક્તિએ કોઈ મોમિનને ખુશ કર્યો છે, તે એવી કલ્પના પણ ન કરે કે તેણે ફક્ત મોમિનને ખુશ કર્યો છે, બલ્કે ખુદાની કસમ, તેણે અમને પણ ખુશ કર્યા છે, અને ખુદાની કસમ, તેણે રસૂલ (સ.)ને પણ ખુશ કર્યા છે."

બેશક, જ્યારે રસૂલ (સ.) અને આપણા અઈમ્મા (અ.) એ જુએ છે કે તેમના માનનારા એકબીજાને મોહબ્બત કરે છે, એકબીજા ઉપર મહેરબાન છે અને તેમના સમાજમાં મોહબ્બત અને ખુલૂસનું શાસન છે, તો પોતાના પૈરવોની ખુશાલીથી તેઓ પણ ખુશ થાય છે.

**ઈન્સાનની નજાતમાં ખુશમિજાજીનો ફાળો**

સદીર સૈરકીએ ઈમામ જાફર સાદિક (અ.) થી રિવાયત કરી છે કે, આપ (અ.)એ ફરમાવ્યું, "કયામતના દિવસે જ્યારે મોમિનને કબ્રમાંથી ઉઠાડવામાં આવશે, તો તેની સામે તેના જેવો એક શખ્સ બનીને હાજર થશે અને કયામતના દિવસે જેટલા ભય અને ડર તેની સામે આવશે, તો તે શખ્સ તેને કહેશે કે ડરો નહીં, ગમગીન ન થાઓ, ખુદાના તરફથી મળનારી ખુશી અને આનંદ પર હું તમને મુબારકબાદ આપું છું. તે શખ્સ લગાતાર તેની સાથે રહેશે, એટલે સુધી કે હિસાબ માટે બારગાહે ખુદામાં હાજર થશે. તેનાથી સરળતાથી હિસાબ લેવામાં આવશે અને પછી હુકમ થશે કે જન્નતમાં ચાલ્યા જાઓ. તે શખ્સ તે મોમિનની આગળ આગળ ચાલતો રહેશે તો મોમિન તેને કહેશે કે, "ખુદા તમારા પર રહમ કરે, જ્યારથી હું કબ્રમાંથી ઊઠ્યો છું, ત્યારથી આ સમય સુધી તમે મારી સાથે છો. તમે મને ખુદાની રહમત અને ખુશખબરી આપી, હિસાબમાં મારી સાથે રહ્યા, એવી રીતે આપણે અહીં સુધી આવી ગયા. એ બતાવો કે તમે કોણ છો?" તે જવાબ આપશે, "હું તે ખુશી અને આનંદ છું કે જે તમે દુનિયાની

જિંદગીમાં મોમિનના દિલમાં પેદા કરી હતી. ખુદાએ મને એ ખુશી અને આનંદથી પેદા કરેલ છે, જેથી હું તમને ખુશખબરી આપું."

(ઉસૂલે કાફી, જિલ્દ–૨, સફહા–૧૮૮)

આ હદીસમાં આમાલના માનવસ્વરૂપમાં પરિવર્તન થવા વિષે બયાન થયું છે કે દરેક અમલ એક મખ્સૂસ સૂરતમાં જલ્વાગર થશે, અને દુનિયામાં મોમિનને ખુશ કરવું એ માણસની સામે એક સુંદર અને ખૂબસૂરત ઈન્સાનની સૂરતમાં જલ્વાગર બનીને તેની આગળ આગળ ચાલશે અને ખોફ અને ડરની જગ્યાએ તેને હિંમત અપાવશે અને હંમેશાં એને ખુદાના એહસાન અને કરમની ખુશખબરી આપશે.

**ઈમામ જાફર સાદિક (અ.)ને માનનારા મહેનતુ છે**

કુલૈનીએ મોહંમદ ઈબ્ને જમ્હૂરીયાથી રિવાયત કરી છે કે તેમણે કહ્યું કે અંબારના ખેડૂતોમાંથી એક નજ્જાશી પણ હતો. તેને અલ્વાઝ અને ફારસનો હાકિમ મુકર્રર કરી દેવામાં આવ્યો હતો. નજ્જાશીનો એક કર્મચારી ઈમામ જાફર સાદિક (અ.)ની ખિદમતમાં આવવા સફળ થયો અને અરજ કરી, "હું નજ્જાશીના ખૂબ જ વધારે ટૅક્સનો દેવાવાર બની ગયો છું. મને ખબર છે કે તે આપને માનનારો છે. જો ઉચિત જાણો તો એને એક પત્ર લખી દો કે જેથી તે મારો ખ્યાલ રાખે." ઈમામ (અ.)એ આ રીતે લખાણ લખ્યું:

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ۔ سُرَّ اَخَاكَ يَسُرُّكَ اللّٰهُ

(બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ. પોતાના ભાઈને ખુશ કરો, ખુદા તમને ખુશ કરશે.)

તે માણસ ઈમામ જાફર સાદિક (અ.)નો પત્ર લઈને નજ્જાશીની પાસે પહોંચ્યો અને એકાંતમાં પત્ર તેના હવાલે કર્યો. નજ્જાશીએ ઈમામ જાફર સાદિક (અ.)નો પત્ર જોયો તો તેને બોસો આપ્યો અને કહ્યું, "તમારી હાજત શું છે?" તેણે કહ્યું, "મારી પાસે દસ હજાર દિરહમ ટૅક્સની માંગણી કરવામાં આવી છે."

નજ્જાશીએ હુકમ કર્યો કે આની પાસેથી ટૅક્સ ન લેવામાં આવે. પછી પૂછ્યું કે, "શું મેં તમને ખુશ કરી દીધા?" તેણે કહ્યું, "હા." નજ્જાશીએ પોતાના કર્મચારીઓને હુકમ આપ્યો કે, "આને એક સવારી, એક ગુલામ, એક કનીઝ આપવામાં આવે." પછી ફરી પૂછ્યું કે, "શું તમે ખુશ થઈ ગયા?" તેણે અરજ કરી, "હા, હું ખુશ છું." પછી હુકમ આપ્યો કે, "જે કાલીન (ગાલીચા) પર આપણે બેઠા છીએ તે પણ તેને આપી દેવામાં આવે." મેં આખોય પ્રસંગ ઈમામ જાફર સાદિક (અ.)ની ખિદમતમાં રજૂ કર્યો તો આપ (અ.) પણ ખુશ થયા. મેં અરજ કરી, "શું આપ પણ ખુશ થયા છો?" તો ફરમાવ્યું, "ખુદાની કસમ, રસૂલલ્લાહ (સ.) પણ ખુશ થયા છે."

(ઉસૂલે કાફી, જિલ્દ–૨, સફહા–૧૯૧, ૧૯૨)

**બીજાઓને ખુશ કરવું હંમેશાં માણસની સાથે રહે છે.**

ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત છે કે

આપ (અ.)એ ફરમાવ્યું, "જેણે કોઈ મોમિનને ખુશ કર્યો, તેના માટે ખુદાવંદે આલમ એ ખુશીથી એક ખુશઅખ્લાક આદમીને પેદા કરી દે છે કે જે મોત વખતે તેની પાસે જાય છે અને તેને ખુદાની કરામત અને રિઝ્વાનની ખુશખબરી આપે છે. ત્યાર પછી તે લગાતાર તેની સાથે ને સાથે રહે છે, એટલે સુધી કે તેની સાથે કબ્રમાં દાખલ થાય છે. પછી તેને એ જ બશારત આપે છે અને જ્યારે કબ્રમાંથી ઉઠાડવામાં આવે છે, તો પણ એ જ વાક્યો કહે છે અને ભય અને બીકના મોકાઓ પર તેને સાંત્વના આપે છે અને તેને બશારત આપે છે. જ્યારે તે તેના તરફથી આટલી બધી મોહબ્બત અને મહેરબાની જુએ છે, તો પૂછે છે, "ખુદા તમારા પર રહમ કરે, એ બતાવો કે તમે કોણ છો?" તે કહે છે, "હું એ ખુશી છું કે જે તમે ફલાણા ફલાણા મોમિનના દિલમાં પેદા કરી હતી." (ઉસૂલે કાફી, જિલ્દ–૨, સફહા–૧૯૧)

આ પ્રકરણની છેલ્લી રિવાયતમાં હિશામે ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કર્યું છે:

હિશામ ઈબ્ને હકમે ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે, આપ (અ.)એ ફરમાવ્યું, "ખુદાની નજીક સૌથી પ્રિય અમલ મોમિનને ખુશ કરવો તે છે, (પછી ખુશ કરવાના હેતુઓને એ રીતે બયાન ફરમાવે છે) કે જો તે ભૂખ્યો હોય તો તેને ખાવાનું ખવડાવે, અને મુશ્કેલીઓથી છુટકારો અપાવે, અને જો કર્ઝદાર હોય તો તેનું કર્ઝ અદા કરે."

આ રિવાયતોથી એ બાબત સમજમાં આવી જાય છે કે ઈસ્લામ જ દુનિયા અને આખેરત બન્નેનો દીન છે, માત્ર આખેરતનો જ દીન નથી. સર્વશ્રેષ્ઠ સમાજ એ છે કે જેમાં લોકો એકબીજાથી મોહબ્બત કરે છે અને એકબીજા સાથે ઈર્ષા અને દુશ્મની ધરાવતા નથી. આ રિવાયતોમાં આપણા માઅસૂમ અઈમ્મા (અ.) પોતાના અનુયાયીઓને એકબીજાની ખિદમત કરવાની તાકીદ કરી છે.

(ક્રમશઃ)

# નન્હે રોઝેદાર

## હિજરી સન-૧૪૪૬



શાહેદાઝૈનબ રઝાઅલી સુથાર
વાલેદા: આબેદાફાતેમા (બાદરપુર)
ઉ.વ. ૪.૪ રોઝા - ૧



ઝહરાફાતેમા અત્હરહુસૈન વિજાપુરા
વાલેદા: સકીનાફાતેમા (જેઠીપુરા)
ઉ.વ. ૬ રોઝા - ૭



ઝિશાનહૈદર મોહસિનઅલી આંબલીયાસણા
વાલેદા: કનીઝફાતેમા (બાદરપુર)
ઉ.વ. ૭ રોઝા - ૫



મુબીનાફાતેમા અકબરઅલી ચૌધરી
વાલેદા: તાહેરાબેન (કાકોશી)
ઉ.વ. ૮ રોઝા - ૧૮


EVOLVING SPACES
YASAAR
DESIGN STUDIO
AR. ABIDALI M NANDOLIYA
MO.: +91 8128 846 005
SERVICES WE PROVIDE:
INSTITUTIONAL / HOTELS | RESIDENTIALS
COMMERCIALS | RECREATIONAL PROJECTS
CREATIVE DESIGN
SOLUTION IN
ARCHITECTURE / INTERIOR DESIGN
SHOP NO: F7, PARMUKH PALAZA 2,
TAVADIYA SQUARE,
OPP. SIDDHARTH HOTEL,
SIDDHPUR, GUJARAT 38415.
SINCE - 2014
ER. TALIBALI M NANDOLIYA
MO.: 9978982412
AL GHADEER CONSTRUCTION
BUILD YOUR DREAM PROJECT WITH US
KAKOSHI
10 YEARS
OF EXPERENCE
with 500000+ Sq. Ft. Done
HAIDERPURA, MASJID
COMMERCIAL
SPECIALIZED IN THE CONSTRUCTION OF
CHALLENGING WORK
SERVICES:
STRUCTURAL CONSULTANT
CONSULTING ENGINEER
WITH MATERIAL PROJECT
LABOR CONTRACT
ALL SERVICES RELATED TO R.C.C ,
AND CONSTRUCTION
BAUG-E-ZAHRA, KAKOSHI
OUR BRANDS
YASAAR
BUILD CON
AL GHADEER
CONSTRUCTION
YASAAR DESIGN
STUDIO

# તહ્ઝીબુલ ઇસ્લામ

# تہذیب الاسلام

લેખકઃ અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદકઃ મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદકઃ હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

### પ્રકરણ–૨

### પુરુષો અને સ્ત્રીઓએ ઘરેણાં પહેરવાં, સૂરમો લગાવવો, આઈનામાં જોવું અને ખિઝાબ લગાવવાના આદાબ

(ગતાંકનું ચાલુ)

**(૭) નગીના પર શું શું કોતરાવવું યોગ્ય છે?**

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "દરેક વ્યકિતની બુદ્ધિની ત્રણ વસ્તુઓથી કસોટી કરવામાં આવે છેઃ પ્રથમ તેની દાઢીની લંબાઈથી, બીજું તેની અંગૂઠીની કોતરણીથી અને ત્રીજું નગીનાથી."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "જે વ્યકિત પોતાની અંગૂઠી ઉપર

مَا شَآءَ اللّٰهُ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ اَسْتَغْفِرُ اللّٰهَ

(જે અલ્લાહ ચાહે છે તે થાય છે, સિવાય અલ્લાહના કોઈનામાં શકિત નથી. હું ખુદાથી મગ્ફેરત માગી રહ્યો છું.)

આ કોતરાવે તો તે ભૂખ અને પીડાથી દૂર થઈ જશે."

હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)નો કોતરાવેલો નગીનો હતોઃ

ظَنِّیْ بِاللّٰهِ حَسَنٌ وَّبِالنَّبِیِّ الْمُؤْتَمَنِ وَبِالْوَصِیِّ ذِی الْمِنَنِ
وَبِالْحُسَیْنِ وَالْحَسَنِ

(મારી ધારણા ખુદાએ બરહક અને તેના રસૂલે અમીન અને રસૂલે ખુદાના જાનશીન અને હસનૈન (અ.)ના બારામાં નેક જ નેક છે.)"

બીજી રિવાયતમાં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની અંગૂઠી ચાંદીની હતી અને તેના પર કોતરાયેલું હતુંઃ

نِعْمَ الْقَادِرُ اللّٰهُ

(અલ્લાહ સૌથી વધારે કુદરત ધરાવનારો છે.)"

કેટલીક રિવાયતમાં આવ્યું છે કે, હઝરત અમીરુલ મોમિનીન (અ.)નો કોતરાવેલો નગીનો اَلْمُلْكُ لِلّٰهِ હતો.

બીજી રિવાયતમાં છે કે હઝરત અલી (અ.)ની અંગૂઠી સાફ અને સફેદ હદીદે ચીનીની હતી અને આ કેટલાક કલેમાઓ સાત લાઈનોમાં તેના પર

કોતરાયેલા હતા અને લડાઈઓ અને સખ્તીઓના સમયમાં તેને પહેરતા હતા. એ કલેમા આ છે:

اَعْدَدْتُّ بِكُلِّ هَوْلٍ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ، وَبِكُلِّ كَرْبٍ لَّا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ، وَبِكُلِّ مُصِيْبَةٍ نَّازِلَةٍ حَسْبِيَ اللّٰهُ، وَبِكُلِّ ذَنْبٍ كَبِيْرَةٍ اَسْتَغْفِرُ اللّٰهَ، وَبِكُلِّ هَمٍّ وَّغَمٍّ قَادِحٍ مَّا شَآءَ اللّٰهُ، وَبِكُلِّ نِعْمَةٍ مُّتَجَدِّدَةٍ اِلْحَمْدُ لِلّٰهِ، مَا بِعَلِيِّ بْنِ اَبِي طَالِبٍ مِّنْ نِّعَمِ اللّٰهِ فَمِنَ اللّٰهِ

(પહેલી લીટી: હું દરેક ભય માટે કલેમા لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ પઢું છું. બીજી લીટી: દરેક દુ:ખના માટે لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ત્રીજી લીટી: દરેક આવવાવાળી મુસીબતના માટે حَسْبِيَ اللّٰهُ. ચોથી લીટી: અને દરેક નાના મોટા ગુનાહો માટે اَسْتَغْفِرُ اللّٰهَ. પાંચમી લીટી: દરેક કલેજું કંપાવનાર આવવાવાળી અને થઈ ગયેલી ચિંતાઓ માટે مَا شَآءَ اللّٰهُ. છઠ્ઠી લીટી: દરેક નવી નેઅમતના માટે اَلْحَمْدُ لِلّٰهِ. સાતમી લીટી: જે બધી નેઅમતો અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ને મળી છે, તે બધી અલ્લાહ તરફથી છે.)

ઈસ્માઈલ ઈબ્ને મૂસાથી નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની અંગૂઠી બિલકુલ ચાંદીની હતી અને તેના પર આ કોતરાયેલું હતું:

يَا ثِقَتِي قِنِي شَرَّ جَمِيْعِ خَلْقِكَ

(અય મને રક્ષણ આપવાવાળા! મને તારી તમામ મખ્લૂકાતના નુકસાનથી સુરક્ષિત રાખ.)

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "કોઈ વ્યકિત પોતાની અંગૂઠી પર કુરઆન શરીફની કોઈ આયત કોતરાવશે, તો તે બખ્શાઈ જશે."

ઈબ્ને તાઊસે આ રિવાયત સાફી, કે જેઓ હઝરત ઈમામ અલી નકી (અ.)ના ખાદિમ હતા, તેમના મોઢે નકલ કરી છે કે, "મેં એ હઝરત (અ.) થી એમના દાદા હઝરત ઈમામ રઝા (અ.)ની ઝિયારતના માટે જવાની રજા માગી. ફરમાવ્યું કે, "અકીકની અંગૂઠી લેતા જાઓ કે જેનો નગીનો પીળો હોય અને એક તરફ

مَا شَآءَ اللّٰهُ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ

અને બીજી તરફ

مُحَمَّدٌ وَّعَلِيٌّ

કોતરાયેલું હોય. એ અંગૂઠી પાસે હોવાથી ચોરો અને માર્ગમાં લૂંટવાવાળા અને દુશ્મનોના નુકસાનથી અમાનમાં અને સલામત રહેશો. વળી ઈમાનની સાથે પાછા ફરશો."" સાફી કહે છે કે, "હું હઝરત (અ.)ના ફરમાન પ્રમાણે અંગૂઠી શોધીને લાવ્યો અને જ્યારે હઝરત (અ.)થી વિદાય થઈને ચાલ્યો, તો થોડે દૂર ગયો. તો હઝરત (અ.)એ મને ફરીથી પાછો બોલાવ્યો અને હું હાજર થયો, તો ઈર્શાદ ફરમાવ્યો, "અય સાફી!" મેં અરજ કરી, "હુઝૂર!" ફરમાવ્યું, "ફીરોઝાની અંગૂઠી પણ લેતા જાઓ કે તૂસ અને નિશાપૂરના વચ્ચે એક સિંહ મળશે કે કાફલાને લૂંટી લેશે, તો એના સામે જઈને અંગૂઠી બતાવી દેજો અને કહી દેજો કે, "મારા મૌલાનો હુકમ છે કે રસ્તો મૂકી દે."

આ ફીરોઝાની એક તરફ لِلّٰهِ الْمُلْكُ કોતરાયેલું

હોવું જોઈએ અને બીજી તરફ

اَلْمُلْكُ لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ

કોતરાયેલું હોવું જોઈએ, કેમ કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની અંગૂઠી ફીરોઝાની હતી અને તેના પર اَلْمُلْكُ لِلّٰهِ કોતરાયેલું હતું. જ્યારે જાહેરી ખિલાફત એ હઝરત (અ.)ને પ્રાપ્ત થઈ, તો આપ (અ.)એ

اَلْمُلْكُ لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ

કોતરાવી દીધું. એવો નગીનો જંગલી જાનવરોથી સુરક્ષિત રાખે છે અને લડાઈઓમાં વિજયનું કારણ બને છે.""

સાફી કહે છે કે, "હું સફરમાં ગયો અને અલ્લાહની કસમ જ્યાં હઝરત (અ.)એ ફરમાવ્યું હતું ત્યાં સિંહ મળ્યો. મેં હઝરત (અ.)ના ફરમાન મુજબ અમલ કર્યો, તો સિંહ ચાલ્યો ગયો. ઝિયારતથી પાછા ફરીને મેં બધી હકીકત હઝરત (અ.)ની સેવામાં અરજ કરી. ફરમાવ્યું, "એક વાત તું બયાનમાં ભૂલી ગયો છે. જો તું કહે તો હું કહી દઉં." મેં અરજ કરી, "યા મૌલા! કદાચ હું ભૂલી ગયો હોઈશ." ફરમાવ્યું, "તૂસમાં એક રાત્રે ઈમામ રઝા (અ.)ના રોઝાની નજીક તું સૂઈ રહ્યો હતો. જિન્નાતોનું એક ટોળું ઈમામ (અ.)ની કબ્રની ઝિયારત માટે આવ્યું હતું. એમણે નગીનો તારા હાથમાં જોઈ તેની કોતરણી પઢી અને તારી અંગૂઠી હાથમાંથી કાઢીને પોતાના બીમારના માટે લઈ ગયા. એને પાણીમાં નાખી, તે પાણી બીમારને પિવડાવ્યું અને તે બીમારને શિફા થઈ ગઈ અને પછી અંગૂઠી પાછી લાવ્યા અને જમણા હાથના બદલે તારા ડાબા હાથમાં પહેરાવી દીધી. જાગીને તને ઘણી નવાઈ લાગી અને તેનું કારણ તને જણાયું નહીં, પરંતુ ઓશિકા પાસે એક યાકૂત મળ્યો કે જે હમણાં સુધી તારી પાસે છે. તેને બજારમાં લઈ જા અને તે એંશી અશરફીમાં વેચાઈ જશે. આ યાકૂત તે જિન તારા માટે હદિયા તરીકે લાવ્યો હતો."" સાફી કહે છે કે, "હું એ યાકૂત બજારમાં લઈ ગયો અને એંશી અશરફીમાં વેચી દીધો."

સૈયદ ઈબ્ને તાઊસે રિવાયત કરી છે કે, "એક વ્યક્તિ હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ની સેવામાં હાજર થઈ અને અરજ કરી કે, "હું જઝીરા દેશના હાકિમથી ડરું છું. દુશ્મનોએ તેને મારા વિરુદ્ધ ઉશ્કેરી દીધો છે. મને ડર છે કે ક્યાંક એ મને કતલ ન કરી નાખે." હઝરત (અ.)એ ફરમાવ્યું, "તું હદીદે ચીનીની એક અંગૂઠી બનાવી દે અને નગીનાને એક તરફ ત્રણ લાઇનોમાં નીચેના કલેમાતને કોતરાવી લે. પહેલી લાઇનમાં

اَعُوْذُ بِجَلَالِ اللّٰهِ

(હું ખુદાએ બુઝુર્ગીની પનાહમાં રહેવા માગું છું.)

બીજી લાઇનમાં

اَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ

(હું ખુદાના કલેમાતની પનાહમાં રહેવા માગું છું.)

ત્રીજી લાઇનમાં

اَعُوْذُ بِرَسُوْلِ اللّٰهِ

(હું ખુદાના રસૂલની પનાહમાં રહેવા માગું છું.)

અને નગીનાની પાછળના ભાગે બે લાઈનોમાં આ

કોતરાવી દે. પહેલી લાઈનમાં

اٰمَنْتُ بِاللّٰهِ وَكُتُبِهٖ

(હું ખુદા અને તેની કિતાબો પર ઈમાન લાવ્યો છું.)

બીજી લાઈનમાં

اِنِّىْ وَاثِقٌ بِاللّٰهِ وَرُسُلِهٖ

(મારો ભરોસો અલ્લાહ અને તેના રસૂલો પર છે.)

અને નગીનાની કોતરણીની આજુબાજુ

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُخْلِصًا

(હું સાચી નિય્યતથી એ અમ્રની ગવાહી આપું છું કે ખુદા સિવાય કોઈ માઅબૂદ નથી.)

આ અંગૂઠી હાથમાં પહેરવાથી દરેક મુશ્કેલી આસાન થઈ જશે, ખાસ કરીને જાલિમના ભયથી. તેને બાંધવાથી સ્ત્રીઓની ગર્ભધારણની તકલીફો સહેલી થઈ જશે અને બદનજરની અસર નહીં થાય. આ નગીનાની હિફાઝત જરૂરી છે. નાપાકી એના પર લાગે નહીં. હમામ અને પાયખાનામાં તેને ન લઈ જાઓ, કેમ કે એમાં અલ્લાહનાં રહસ્યો છે. અહલેબૈતના શીઆ જે પોતાના દુશ્મનોથી ડરે છે એમના માટે જરૂરી છે કે આ અંગૂઠીને પોતાના જીવની બરાબર રાખે. પોતાના દુશ્મનોથી છુપાવે. અને આ ભેદ પોતાના ભરોસાપાત્ર માણસો સિવાય કોઈને ન બતાવે." હદીસના રાવીનું બયાન છે કે મેં પોતે જ એનો અનુભવ કર્યો અને મેં એવું જ જોયું."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત છે કે, "જે વ્યકિતના હાથમાં અકીકની અંગૂઠી હોય અને તે વહેલી સવારે જાગતાં જ, એ પહેલાં કે એ કોઈ તરફ જુએ, તેના નગીનાને પોતાની હથેળી તરફ ફેરવીને જુએ અને સૂરા اِنَّآ اَنْزَلْنٰهُ અને આ દુઆ પઢે:

اٰمَنْتُ بِاللّٰهِ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَكَفَرْتُ بِالْجِبْتِ وَالطَّاغُوْتِ وَاٰمَنْتُ بِسِرِّ اٰلِ مُحَمَّدٍ وَّعَلَانِيَتِهِمْ وَظَاهِرِهِمْ وَبَاطِنِهِمْ وَاَوَّلِهِمْ وَاٰخِرِهِمْ

(હું ખુદાએ યકતા પર, જેનો કોઈ ભાગીદાર નથી, ઈમાન લાવ્યો છું. અને જિબ્ત (જાદૂગર) અને તાગૂત (શયતાન)નો ઈન્કાર કરું છું. અને આલે મોહંમદ મુસ્તફા (સ.)ના પહેલા અને છેલ્લા જાહેર અને છૂપા બધા પર ઈમાન લાવ્યો છું. ભલે એમની ઈમામતનું એલાન થયું હોય કે ગૈબતમાં રહ્યા હોય.)

તો પરવરદિગારે આલમ તેને બધી જ બલાઓથી સુરક્ષિત રાખશે. ભલે ને તે આસમાનથી નાઝિલ થવાવાળી હોય કે જમીનમાંથી નીકળવાવાળી હોય, જમીનમાં સમાઈ જવાવાળી હોય અથવા જમીનમાંથી બહાર નીકળવાવાળી હોય, અને એ વ્યકિત સાંજ સુધી અલ્લાહ અને અલ્લાહના વલીના રક્ષણમાં રહેશે."

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત અકીકની અંગૂઠી બનાવડાવે અને તેના નગીના પર

مُحَمَّدٌ نَّبِيُّ اللّٰهِ وَعَلِيٌّ وَّلِيُّ اللّٰهِ

(મોહંમદ અલ્લાહના નબી અને અલી અલ્લાહના વલી છે.)

કોતરાવી લે, તો ખુદા તેને ખરાબ મોતથી બચાવશે અને તેનો અંત ભલાઈ સાથે થશે."

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર        અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

**અલ્લાહ**

(ગતાંકનું ચાલુ)

અલ્લાહની પ્રકૃતિના મામલામાં મહત્ત્વની હિદાયત છે, કુરઆન અને હદીસ દ્વારા મૂકાયેલા એ ભારથી અવગત હોવું કે જે ભાર તેમાં અલ્લાહની મરજીના સામર્થ્ય પર તેમ જ — તેની પાસે રહેલા સઘળી વસ્તુઓના સઘળા ઈલ્મની સાથે — તેની મરજીના સમગ્ર હકીકત પર રહેલા કાબૂ પર મૂકવામાં આવ્યો છે. માણસને એ હકીકતનો ખ્યાલ હંમેશાં રહેવો જોઈએ કે અલ્લાહ સઘળી વસ્તુઓને જાણે છે, અને એ પણ કે સઘળી વસ્તુઓનાં કાર્યો તેમ જ તેમનું અસ્તિત્વ તેની હિકમતને આધારે છે. તે કહેવું સાચું નથી કે ઈસ્લામ એવો ઈલાહી મઝહબ છે કે જેની પાસે કેવળ આંધળી મરજી છે જેવી રીતે કે કેટલાક લોકો કહે છે; આ બિલકુલ ખોટી વાત છે. ઈસ્લામમાં આંધળી મરજી જેવી કોઈ વસ્તુ જ નથી. ઈસ્લામ અલ્લાહની હિકમત, કાએનાત વિષેના તેના ઈલ્મ, અને માણસ માટે અલ્લાહની માઅરેફત તથા તેની હિકમત કે જે તેની મખ્લૂકમાં પ્રતિબિંબિત થાય છે, તેને શક્ય હદ સુધી હાસિલ કરવાના મહત્ત્વ ઉપર ખૂબ જ ભાર મૂકે છે. સાથેસાથે એ બાબતને સમજવી પણ મહત્ત્વની છે કે અલ્લાહની મરજી કે જે મનુષ્યજાત પર પ્રવર્તે છે તેના પર ભાર મૂકવો, અલ્લાહ વિષેના મુખ્ય કુરઆની સિદ્ધાંતોમાંનો એક છે.

છેવટે, જરૂરી છે કે ઈસ્લામમાં રહેલ અલ્લાહની રહમત અને તેના અદ્લ વચ્ચેના સંતુલન પર પુન: ભાર મૂકવામાં આવે. કુરઆને મજીદના સફ્હાત પર એક તરફ તો જેમણે ગુનાહ આચર્યા છે તેમના ચૂકાદા અને સજાની ભયાનક છબીઓ ફેલાયેલી છે, અને બીજી તરફ જન્નતનું તેમ જ જેમણે નેકીઓ કરી છે તેમના પર અલ્લાહ દ્વારા વરસતી રહમતનું વર્ણન કરવામાં આવ્યું છે. કુરઆન પણ અલ્લાહની રહમત અને મગ્ફેરત પર સતત ભાર મૂકે છે. કુરઆને પાક હંમેશાં માણસને યાદ અપાવે છે કે અલ્લાહ મગ્ફેરત કરનારો અને રહમત વરસાવનારો છે. તેથી જ તોબાનું અને ઈસ્તિગ્ફારનું મહત્ત્વ છે. હદીસોની કિતાબોમાં

પણ ભાર મૂકવામાં આવ્યો છે કે માણસે હંમેશાં અલ્લાહની મગ્ફેરત માગવી જોઈએ, અને એ પણ કે જો તે અંત:કરણપૂર્વક અલ્લાહથી મગ્ફેરત માગશે, તો અલ્લાહ તેના બંદાની મગ્ફેરત કરી દેશે. માટે, અહીં ફરીથી વર્ણન કરીએ કે રહમત અને અદ્લ અથવા જમાલ અને જલાલનાં પાસાં વચ્ચે — જેમ અમે અગાઉ ઉલ્લેખ કરી ચૂકયા છીએ તેમ — એક ઊંડાણપૂવકનો પારસ્પરિક સંબંધ રહેલો છે. કુરઆનમાં નાઝિલ થયેલ અને હદીસની કિતાબોમાં આવેલ અલ્લાહની પ્રકૃતિ વિષેની સંપૂર્ણ જાણકારી હાસિલ કરવા માટે જરૂરી છે કે આ બન્ને પાસાંને ધ્યાનમાં રાખવામાં આવે.

સારાંશ આપતાં એવું કહી શકાય કે ઈસ્લામી અકાઈદનો આધાર વહદહૂ લા શરીક અલ્લાહની સંપૂર્ણ પ્રકૃતિના નાઝિલ થવા પર છે. અલ્લાહની વહદાનિયત ઈસ્લામના પયગામની રૂહ છે અને ઈસ્લામ આ દુનિયામાં આવ્યો કે જેથી માણસ તેનાથી વાકેફ થઈ શકે. રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, “લા ઈલાહ ઈલ્લલ્લાહ (કોઈ ખુદા નથી સિવાય અલ્લાહના) કહો, અને સુરક્ષિત થઈ જાઓ.” દેખીતી વાત છે કે આપ (સ.)ના ‘કહો’થી મુરાદ કેવળ ઉચ્ચારણ અને જાહેરી મતલબ જ નથી, બલ્કે સમજણને આધારે ઈમાનનો ઇઝહાર કરવું છે. (કલિમાએ) ‘શહાદા’માં પહેલેથી જ અલ્લાહ વિષેના સંપૂર્ણ અકાઈદ સમાયેલા છે; કારણ કે, તે ઈલાહિય્યતમાંથી તમામ પ્રકારના ફેરફારો અને વધારા–ઘટાડા, તમામ અન્યતાઓ, તેમ જ દરેક પ્રકારની દૂઈને દૂર કરે છે, અને અલ્લાહની માઅરેફત — કે જેનો આધાર જ તેની વહદાનિયત છે તે—ને રજૂ કરે છે. અલ્લાહ વાહિદ છે, મુત્લક છે, અનંત છે, અને તે અનંત ભલાઈ તથા રહમત, અને કાએનાતમાં રહેલી સઘળી સારાઈઓનો સ્ત્રોત છે, અને તે જ સઘળી હકીકતોનો મૂળ સ્ત્રોત છે. હકીકતમાં તેનાથી જ સંબંધિત છે ‘છૂપા ખજાનાઓ’ જેવી રીતે કે કુરઆન વર્ણવે છે: એ ખજાનાઓમાંથી જ સઘળી વસ્તુઓનું સર્જન કરવામાં આવ્યું છે. કાએનાતમાં એક વસ્તુ પણ એવી નથી — એટલે સુધી કે ન તો ઘાસનું એક તણખલું પણ, કે ન તો ધરતી પર ચાલનારી એક કીડી પણ — કે જેના વિષે અલ્લાહ ન જાણતો હોય, અને તેનું જીવન અલ્લાહની મરજીથી નિર્ધારિત અને સુરક્ષિત ન હોય. માણસ એક એવી દુનિયામાં જીવે છે કે જે સંપૂર્ણ રીતે અલ્લાહ પર નિર્ભર છે, અને તે સમયની દરેક ક્ષણે તથા અવકાશના દરેક બિંદુએ સીધી અલ્લાહ કે જે ગુણાતીત (ભૌતિક વિશ્વની મર્યાદાઓથી પર) છે તેનાથી જોડાયેલી છે. ઈસ્લામ અલ્લાહના ભૌતિક વિશ્વની મર્યાદાઓથી અત્યંત પર હોવા પર ભાર મૂકે છે, કે જે એ દરેક વસ્તુથી પર છે કે જેને તેની કહી શકાય. છતાંય તે માણસથી અત્યંત નજીક છે, જેવું કે મશહૂર આયત, “અમે તેનાથી ધોરી નસ કરતાં પણ વધારે નજીક છીએ.”[1]માં સૂચવવામાં આવ્યું છે. અલ્લાહ આપણાથી આપણી જાતો કરતાં પણ વધારે નજીક છે. એક તરફ તો તે આપણાથી સંપૂર્ણ રીતે બુલંદ અને અત્યંત પર છે; બીજી તરફ, તે આપણા અસ્તિત્વના કેન્દ્રમાં છે. તેથી જ તેણે ફરમાવ્યું છે, “મોમિનનું દિલ રહમાન (અલ્લાહ)નું અર્શ છે.” (ક્રમશ:)

---

1 સૂરા કાફ, આયત–૧૬



# ઈબાદાત

## માહે ઝિલ્હજના આમાલ

(1) માહે ઝિલ્હજના એકથી નવ દિવસ રોઝા રાખવા, જે એવું છે કે જાણે આખી જિંદગી સુધી રોઝા રાખ્યા હોય.

(2) આ નવ દિવસોમાં મગરિબ અને ઈશાની નમાઝ વચ્ચે બે રકાત નમાઝ પઢવાની હોય છે, જેમાં બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા તૌહીદ અને આ આયત પઢવામાં આવે છે:

وَوٰعَدْنَا مُوسٰى ثَلٰثِيْنَ لَيْلَةً وَّاَتْمَمْنٰهَا بِعَشْرٍ فَتَمَّ مِيْقَاتُ رَبِّهٖٓ اَرْبَعِيْنَ لَيْلَةً ۚ وَقَالَ مُوسٰى لِاَخِيْهِ هٰرُوْنَ اخْلُفْنِيْ فِيْ قَوْمِيْ وَاَصْلِحْ وَلَا تَتَّبِعْ سَبِيْلَ الْمُفْسِدِيْنَ ﴿١٤٢﴾

(3) આ નવ દિવસોમાં એ પાંચ દુઆઓ પઢવાની હોય છે કે જે જિબ્રઈલ (અ.) અલ્લાહ તરફથી હઝરત ઈસા (અ.) માટે હદિયા તરીકે લાવ્યા હતા, જે નીચે મુજબ છે:

(1) اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ، بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

(2) اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، اَحَدًا صَمَدًا لَّمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا

(3) اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، اَحَدًا صَمَدًا لَّمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ

(4) اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ، بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

(5) حَسْبِيَ اللّٰهُ وَكَفٰى سَمِعَ اللّٰهُ لِمَنْ دَعَا، لَيْسَ وَرَآءَ اللّٰهِ مُنْتَهٰى، اَشْهَدُ لِلّٰهِ بِمَا دَعَا وَاَنَّهٗ بَرِيْٓءٌ مِّمَّنْ تَبَرَّءَ وَاَنَّ لِلّٰهِ الْاٰخِرَةَ وَالْاُوْلٰى

**માહે ઝિલ્હજના પહેલા દિવસના આમાલ:**

(1) આ દિવસે રોઝો રાખવાનો હોય છે કે જેનો સવાબ ૮૦ મહીનાઓના રોઝા રાખવા બરાબર છે.

(2) નમાઝે ફાતેમા ઝહરા (અ.) પઢવાની હોય છે કે જે બે-બે રકાતની નિય્યતથી ચાર રકાત છે, જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૫૦ વખત સૂરા તૌહીદ અને તસ્બીહે જનાબે ફાતેમા (અ.) પઢ્યા પછી નીચેની દુઆ પઢવાની હોય છે.

سُبْحَانَ ذِى الْعِزِّ الشَّامِخِ الْمُنِيْفِ، سُبْحَانَ ذِى الْجَلَالِ الْبَاذِخِ الْعَظِيْمِ، سُبْحَانَ ذِى الْمُلْكِ الْفَاخِرِ

الْقَدِيْمِ، سُبْحَانَ مَنْ يَّرَىٰ اَثَرَ النَّمْلَةِ فِى الصَّفَا، سُبْحَانَ مَنْ يَّرَى وَقْعَ الطَّيْرِ فِى الْهَوَآءِ، سُبْحَانَ مَنْ هُوَ هٰكَذَا وَلَا هٰكَذَا غَيْرُهٗ

(3) ઝવાલના અડધા કલાક પહેલાં બે રકાત નમાઝ પઢવાની હોય છે કે જેની બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત સૂરા તૌહીદ, દસ વખત આયતુલ કુરસી અને દસ વખત સૂરા કદ્ર પઢવાનો હોય છે.

(4) જે માણસ કોઈ જાલિમથી ડરી ગયો હોય તેણે આ દિવસે નીચે મુજબ પઢવું જોઈએ કે જેથી અલ્લાહ તેને જાલિમની બુરાઈથી સુરક્ષિત રાખે.

حَسْبِىْ حَسْبِىْ مِنْ سُؤَالِىْ عِلْمُكَ بِحَالِىْ

**નવમી માહે ઝિલ્હજ (અરફાના દિવસ)ના આમાલ:**

(1) ગુસ્લ.

(2) ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત.

(3) નમાઝે અસ્ર પછી ખુલ્લા આસમાનની નીચે બે રકાત નમાઝ પઢે અને અરફાની દુઆ પઢે કે જેનાથી અરફાતમાં હાજર રહેવાનો સવાબ મળે.

ઝવાલના સમયે આસમાનની નીચે ઝોહર અને અસ્રની નમાઝ એકાગ્રતાથી પઢે, ત્યાર પછી બે રકાત નમાઝ કે જેની પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા તૌહીદ, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા કાફેરૂન પઢવામાં આવે છે. ત્યાર પછી ચાર રકાત નમાઝ કે જેની દરેક રકાતમાં ૫૦ વખત સૂરા તૌહીદ અને નમાઝ પછી આ મુજબ દસ તસ્બીહ પઢવાની હોય છે:

١- سُبْحَانَ الَّذِىْ فِى السَّمَآءِ عَرْشُهٗ

٢- سُبْحَانَ الَّذِىْ فِى الْاَرْضِ حُكْمُهٗ

٣- سُبْحَانَ الَّذِىْ فِى الْقُبُوْرِ قَضَآؤُهٗ

٤- سُبْحَانَ الَّذِىْ فِى الْبَحْرِ سَبِيْلُهٗ

٥- سُبْحَانَ الَّذِىْ فِى النَّارِ سُلْطَانُهٗ

٦- سُبْحَانَ الَّذِىْ فِى الْجَنَّةِ رَحْمَتُهٗ

٧- سُبْحَانَ الَّذِىْ فِى الْقِيَامَةِ عَدْلُهٗ

٨- سُبْحَانَ الَّذِىْ رَفَعَ السَّمَآءَ

٩- سُبْحَانَ الَّذِىْ بَسَطَ الْاَرْضَ

١٠- سُبْحَانَ الَّذِىْ لَا مَلْجَاَ وَلَا مَنْجٰى مِنْهُ اِلَّآ اِلَيْهِ

પછી એકસો વખત આ મુજબ ઝિક્ર:

سُبْحَانَ اللهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللهُ وَاللهُ اَكْبَرُ

અને સૂરા તૌહીદ અને આયતુલ કુરસી અને દુરૂદ શરીફનો ઝિક્ર એકસો એકસો વખત:

પછી દસ વખત આ મુજબ ઝિક્ર:

لَآ اِلٰهَ اِلَّا اللهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ وَيُمِيْتُ وَيُحْيِيْ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

પછી દસ વખત આ ઝિક્ર:

اَسْتَغْفِرُ اللهَ الَّذِيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ وَاَتُوْبُ اِلَيْهِ

પછી દસ વખત આ ઝિક્ર:

يَآ اَللهُ يَا رَحْمٰنُ يَا رَحِيْمُ

પછી દસ વખત આ ઝિક્ર:

يَا بَدِيْعَ السَّمَاوَاتِ وَالْاَرْضِ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ

પછી દસ વખત આ ઝિક્ર:

يَا حَيُّ يَا قَيُّوْمُ

પછી દસ વખત આ ઝિક્ર:

يَا حَنَّانُ يَا مَنَّانُ

પછી દસ વખત આ ઝિક્ર:

يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ

પછી દસ વખત આ ઝિક્ર:

اٰمِيْنَ

પછી એક વખત આ ઝિક્ર:

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ يَا مَنْ هُوَ اَقْرَبُ اِلَيَّ مِنْ حَبْلِ الْوَرِيْدِ يَا مَنْ يَّحُوْلُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهٖ يَا مَنْ هُوَ بِالْمَنْظَرِ الْاَعْلٰى وَبِالْاُفُقِ الْمُبِيْنِ يَا مَنْ هُوَ الرَّحْمٰنُ عَلَى الْعَرْشِ اسْتَوٰى يَا مَنْ لَّيْسَ كَمِثْلِهٖ شَيْءٌ وَّهُوَ السَّمِيْعُ الْبَصِيْرُ اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ

ત્યાર પછી પોતાની હાજત હોય તે અલ્લાહ આગળ રજૂ કરવી. ઈન્શાઅલ્લાહ હાજતો પૂરી થશે.

**માહે ઝિલ્હજની દસમી તારીખની રાત:**

આ ખૂબ જ અઝમતવાળી રાત છે અને આ એ રાતોમાંથી છે કે જેમાં જાગવું મુસ્તહબ છે. આ રાત્રે

આસમાનના દરવાજા ખૂલી જાય છે, આ રાતમાં હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢવી મુસ્તહબ છે, અને ત્યાર પછી આ મુજબ દુઆ પઢે:

يَا دَآئِمَ الْفَضْلِ عَلَى الْبَرِيَّةِ يَا بَاسِطَ الْيَدَيْنِ بِالْعَطِيَّةِ يَا صَاحِبَ الْمَوَاهِبِ السَّنِيَّةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ
خَيْرِ الْوَرٰى سَجِيَّةً وَاغْفِرْ لَنَا يَا ذَا الْعُلٰى فِيْ هٰذِهِ الْعَشِيَّةِ

**માહે ઝિલ્હજની દસમી તારીખ (ઈદુલ અઝ્હાના)ના આમાલ:**

(1) ગુસ્લ (2) નમાઝે ઈદ (3) નમાઝે ઈદ પછી સહીફે કામેલાની દુઆ નંબર - ૪૮ અને ૪૬.

(4) દુઆએ નુદબા (5) કુરબાની કરવી સુન્નતે મોઅક્કેદા છે.

(6) તકબીરો પઢવી. (જે માણસ મિનામાં હોય તેણે દસમી ઝિલ્હજની ઝોહરની નમાઝથી તેરમી ઝિલ્હજની ફજ્રની નમાઝ સુધી પંદર નમાઝો પછી તકબીરો પઢવાની હોય છે, અને જેઓ મિના સિવાય બીજા શહેરોમાં હોય તે લોકોએ દસમી ઝિલ્હજની ઝોહરની નમાઝથી બારમી ઝિલ્હજની ફજ્રની નમાઝ સુધી દસ નમાઝો પછી તકબીરો પઢવાની હોય છે, જે આ મુજબ છે.)

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ وَلِلّٰهِ الْحَمْدُ، اَللّٰهُ اَكْبَرُ عَلٰى مَا
هَدَانَا، اَللّٰهُ اَكْبَرُ عَلٰى مَا رَزَقَنَا مِنْ بَهِيْمَةِ الْاَنْعَامِ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى مَآ اَبْلَانَا


**આપને જણાવતા ખુશી અનુભવીએ છીએ કે અમારું નવીન સાહસ "હદિયા ગિફ્ટ & પરફ્યુમ" શોપમાં હજ, ઉમરાહ અને ઝિયારત માટે જરૂરી વસ્તુઓ તેમજ મુસાફરી માટેનો જરૂરી દરેક સમાન વાજબી ભાવે મળી રહેશે.**

هدية
Hādiya
Gift & Perfume

- કુરઆન પેટી
- ટોપી
- ઝમઝમનું પાણી / બોટલ
- અત્તર & પરફ્યુમ
- ટ્રાવેલ બેગ
- એહરામ
- તસ્બીહ
- મુસલ્લા / ટ્રાવેલ મુસલ્લા
- ખાકે શિફા
- ગીફ્ટ આર્ટિકલ

**લક્ઝુરા આર્કેડ, મક્તબા જાફરિયાની પાસે,
સેદ્રાણા-સ્ક્વેર, સેદ્રાણા, તા. સિધ્ધપુર,
જી. પાટણ (ગુજરાત) - 384151**

કડીવાલ મોહંમદઅલી ઇબ્રાહીમભાઈ
(સેદ્રાણાવાળા)
**+91 75675 18404**
**+91 81403 60530**

# નન્હે રોઝેદાર

## હિજરી સન-૧૪૪૬


ઝહરાફાતેમા સિરાજઅહમદ સુરપુરા
વાલેદા: સકીનાબાનું (જેઠીપુરા)
ઉ.વ. ૨.૫ રોઝા - ૧


ઝકિયાફાતેમા અબ્બાસઅલી અસામદી
વાલેદા: આબેદાબાનું (રસુલપુર-જોગેશ્વરી)
ઉ.વ. ૩ રોઝા - ૨


રિઝાઝહરા અબ્બાસઅલી વિજાપુરા
વાલેદા: ઝુલેખાફાતેમા (જેઠીપુરા)
ઉ.વ. ૩.૪ રોઝા - ૧


માસૂમાઝૈનબ અઝહરઅલી વિજાપુરા
વાલેદા: કનીઝઝહરા (જેઠીપુરા)
ઉ.વ. ૪ રોઝા - ૩


ફાતેમાઝૈનબ આબિદહુસૈન સુરપુરા
વાલેદા: કનીઝઝહરા (જેઠીપુરા)
ઉ.વ. ૪.૫ રોઝા - ૧૩


માહિરાઝૈનબ મહેરબાનઅલી નાંદોલીયા
વાલેદા: અફસાનાબાનું (વાઘરોલ)
ઉ.વ. ૪ રોઝા - ૧૦


અમીરાફાતેમા શાકિરઅલી સલેમા
વાલેદા: અઝમતફાતેમા (કિશોરગઢ)
ઉ.વ. ૪ રોઝા - ૨


હુસ્નાફાતેમા હસનઅબ્બાસ સેલિયા (સરોળી)
વાલેદા: શાકેરાબાનું (કાકોશી)
ઉ.વ. ૪.૨ રોઝા - ૨


તૈયબાઝહરા મહેરબાનઅલી સુરપુરા
વાલેદા: ઝૈનબફાતેમા (ઈમાનપુરા)
ઉ.વ. ૪.૫ રોઝા - ૨


સિદ્રાફાતેમા મિક્દાદઅલી મોમિન
વાલેદા: ઈસ્મતઝહરા (વસો-અમદા.)
ઉ.વ. ૪.૪ રોઝા - ૧


મોહંમદરઝા મંઝૂરઅલી મોમિન
વાલેદા: રહમતફાતેમા (લંડન)
ઉ.વ. ૪.૯ રોઝા - ૨


ઝહરાફાતેમા આબિદઅબ્બાસ અસામદી
વાલેદા: સાજેદા (મેતા)
ઉ.વ. ૫ રોઝા - ૧૦


સુગરાફાતેમા મહેરબાનઅલી મોમિન
વાલેદા: નજમાબાનું (કઠોર)
ઉ.વ. ૫ રોઝા - ૧


ઝીનતઝહરા હુસૈનમોહંમદ સુણસરા
વાલેદા: મકબૂલફાતેમા (સેવાલણી)
ઉ.વ. ૫ રોઝા - ૪


ઝહરાફાતેમા હૈદરઅબ્બાસ ખરોડીયા
વાલેદા: હુસૈનાબેન (જેઠીપુરા)
ઉ.વ. ૫ રોઝા - ૬


નાઝિમઅલી મંઝૂરઅહમદ વિજાપુરા
વાલેદા: સાજેદાબાનું (જેઠીપુરા)
ઉ.વ. ૫ રોઝા - ૩


ઈર્તેઝાફાતેમા સિરાજઅહમદ સુરપુરા
વાલેદા: સકીનાબાનું (જેઠીપુરા)
ઉ.વ. ૫.૧ રોઝા - ૨૩


અતાહુસૈન એહસાનઅલી માણસીયા
વાલેદા: શાકેરાબાનું (જેઠીપુરા)
ઉ.વ. ૫.૫ રોઝા - ૨૬



સૌસનઝહરા મંઝૂરઅલી દાંત્રેલીયા
વાલેદા: શાકેરાબાનું (ઈલોલ તલાવ)
ઉ.વ. ૫.૨ રોઝા - ૧



મોહંમદરૈહાન એહસાનઅલી ખાણશીયા
વાલેદા: આબેદાબેન (સુરપુર)
ઉ.વ. ૫.૬ રોઝા - ૨૯



મોહંમદઆદિલ આબિદહુસૈન ડોડીયા
વાલેદા: તાહેરાબેન (કાટવાડ)
ઉ.વ. ૫.૭ રોઝા - ૨



અતાહૈદર એહસાનઅલી વિજાપુરા
વાલેદા: કનીઝફાતેમા (જેઠીપુરા)
ઉ.વ. ૫.૭ રોઝા - ૫



મોહંમદઅલી આબિદઅલી ભગત
વાલેદા: તાહેરાબેન (ઈલોલ તલાવ)
ઉ.વ. ૫.૭ રોઝા - ૭



સકીના સાદિકહુસૈન લોઢા
વાલેદા: અઝમતફાતેમા (ઈલોલ પહાડીયા)
ઉ.વ. ૬ રોઝા - ૨



મોહંમદકાસિમ હસનઅબ્બાસ સેલીયા (ભુરા)
વાલેદા: નફીસા (કાકોશી-વલસાડ)
ઉ.વ. ૬ રોઝા - ૫



કૌનૈનઝહરા આબિદહુસૈન સેદ્રાણીયા
વાલેદા: રહમતફાતેમા (કાકોશી)
ઉ.વ. ૬ રોઝા - ૩



વજીહાફાતેમા અબ્બાસઅલી શેલીયા
વાલેદા: રહમતફાતેમા (વેળાવાપુરા)
ઉ.વ. ૫ રોઝા - ૧૫



હુસૈનઅબ્બાસ અબ્બાસઅલી શેલીયા
વાલેદા: રહમતફાતેમા (વેળાવાપુરા)
ઉ.વ. ૬ રોઝા - ૨૯



સજ્જાદઅહમદ ઈમ્દાદહુસૈન શેલીયા
વાલેદા: ફાતેમાસુગરા (વેળાવાપુરા)
ઉ.વ. ૬ રોઝા - ૨૯



સીરતઝહરા કામયાબહુસૈન શેલીયા
વાલેદા: રઝીયાઝહરા (વેળાવાપુરા)
ઉ.વ. ૬ રોઝા - ૧૨



અનીસહૈદર વઝીરઅલી પલસાણીયા
વાલેદા: ઝૈનબ (મેતા)
ઉ.વ. ૬ રોઝા - ૫



રાહિલફાતેમા મહેરબાનહુસૈન બાદરપુરા
વાલેદા: શીરીનફાતેમા (હરીપુરા)
ઉ.વ. ૬ રોઝા - ૬



આદિલાફાતેમા હસનઅલી ધાન્ધારીયા
વાલેદા: કનીઝઝહરા (બાદરપુર)
ઉ.વ. ૬ રોઝા - ૧



આયતઝહરા શબ્બીરઅલી ચૌધરી
વાલેદા: સકીનાફાતેમા (વડુ)
ઉ.વ. ૬.૬ રોઝા - ૨



અતાહૈદર મોહંમદહુસૈન શેલીયા
વાલેદા: મકબૂલફાતેમા (હૈદરપુરા)
ઉ.વ. ૬.૫ રોઝા - ૨૪



ફર્હતઝહરા સાદિકમોહંમદ મુશે
વાલેદા: બેનઝીરબેન (હૈદરપુરા)
ઉ.વ. ૬.૫ રોઝા - ૧૧



મોહંમદનૂર રઝાઅલી છાપિયા
વાલેદા: કુલસૂમબેન (હૈદરપુરા)
ઉ.વ. ૭.૫ રોઝા - ૨૦



માસૂમાફાતેમા અહમદઅબ્બાસ ભટ્ટા
વાલેદા: શાકેરાફાતેમા (ઈલોલ પહાડીયા)
ઉ.વ. ૭ રોઝા - ૨૯



ઝકિયાઝહરા સિરાજઅહમદ સુરપુરા
વાલેદા: સકીનાબાનું (જેઠીપુરા)
ઉ.વ. ૬.૫ રોઝા - ૨૯



આદિલહુસૈન હસનઅબ્બાસ વિજાપુરા
વાલેદા: મકબૂલફાતેમા (જેઠીપુરા)
ઉ.વ. ૬.૫ રોઝા - ૧૫



ઝીશાનહૈદર મોહંમદઅલી વિજાપુરા
વાલેદા: સાજેદા (જેઠીપુરા)
ઉ.વ. ૭ રોઝા - ૧૯



તસ્નીમઝહરા ઈમ્દાદહુસૈન વિજાપુરા
વાલેદા: મકબૂલફાતેમા (જેઠીપુરા)
ઉ.વ. ૭ રોઝા - ૨૧



તફઝીલફાતેમા મકબૂલઅલી વિજાપુરા
વાલેદા: રાશેદાબેન (જેઠીપુરા)
ઉ.વ. ૭.૫ રોઝા - ૨૯



રબાબઝહરા આબિદહુસૈન અસામદી
વાલેદા: મકબૂલફાતેમા (રસૂલપુર (મે.))
ઉ.વ. ૭ રોઝા - ૨૦



તસ્નીમઝહરા હસનઅબ્બાસ ભગત
વાલેદા: હાજેરાબેન (બાદરપુર)
ઉ.વ. ૭ રોઝા - ૨



ફૈઝઅબ્બાસ મંઝૂરઅહમદ નાંદોલીયા
વાલેદા: મકબૂલફાતેમા (મેતા)
ઉ.વ. ૭ રોઝા - ૨૮



ઝીશાનહૈદર એહસાનઅલી સુણસરા
વાલેદા: શાકેરાબેન (સેવાલણી)
ઉ.વ. ૭.૫ રોઝા - ૧૨



આસેફાઝૈનબ મોહંમદઅલી અલાદ
વાલેદા: ફાતેમાસુગરા (મજાદર)
ઉ.વ. ૭ રોઝા - ૨૯



સજ્જાદહુસૈન નજરમોહંમદ અલાદ
વાલેદા: કનીઝફાતેમા (મજાદર)
ઉ.વ. ૮ રોઝા - ૨૬



ઝૈદહુસૈન આસિફઅલી મોમિન
વાલેદા: સાજેદાબેન (ગણેશપુરા)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



તસ્નીમઝહરા હસનઅલી ખરોડીયા
વાલેદા: સકીનાફાતેમા (હરીપુરા)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



મોહંમદહસનૈન મંઝૂરઅહમદ પટેલ
વાલેદા: સાજેદાફાતેમા (કેસિમ્પા)
ઉ.વ. ૮ રોઝા - ૧૬



ફરવાફાતેમા મુખ્તારઅલી ભોરણીયા
વાલેદા: ઝહરાબેન (કેસિમ્પા)
ઉ.વ. ૮ રોઝા - ૨૭



માસૂમાફાતેમા એહસાનઅલી કોવડીયા
વાલેદા: કનીઝફાતેમા (ઈલોલ તલાવ)
ઉ.વ. ૮ રોઝા - ૨૨



મોહંમદફૈઝ મોહસિનઅલી થાવરા
વાલેદા: મકબૂલઝહરા (ઈલોલ તલાવ)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



રૈહાનઅહમદ શબ્બીરહસન દાંત્રેલીયા
વાલેદા: કનીઝઝહરા (ઈલોલ તલાવ)
ઉ.વ. ૮ રોઝા - ૧૦



મોહંમદઅલી આબિદઅલી લોઢા
વાલેદા: તાહેરાબેન (ઈલોલ પહાડીયા)
ઉ.વ. ૮.૨ રોઝા - ૨૯



ઝહરાફાતેમા આબિદઅલી લોઢા
વાલેદા: તાહેરાબેન (ઈલોલ પહાડીયા)
ઉ.વ. ૮.૨ રોઝા - ૨૯



રબાબઝહરા ખાદિમહુસૈન મોમિન
વાલેદા: કનીઝફાતેમા (શેખપુર)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



મોહંમદતકી શાકિરઅલી ખરોડીયા
વાલેદા: શાકેરાબેન (જેઠીપુરા)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



શફીઆફાતેમા મન્સૂરઅલી બાદરપુરા
વાલેદા: શીરીનબેન (કિશોરગઢ)
ઉ.વ. ૮.૩ રોઝા - ૨૮



તસ્નીમઝહરા આબિદઅલી આગલોડીયા
વાલેદા: રહમતફાતેમા (પીંપોદર)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



મોહંમદરઝા એહસાનઅલી આગલોડીયા
વાલેદા: સાજેદાબેન (પીંપોદર-સાઉદી)
ઉ.વ. ૮.૩ રોઝા - ૨૭



મોહંમદસાદિક સિરાજઅહમદ આગલોડીયા
વાલેદા: આબેદાબેન (પીંપોદર)
ઉ.વ. ૮.૫ રોઝા - ૨૮



મોહંમદરઝા સિરાજઅલી અરોડીયા
વાલેદા: સાજેદાબાનું (પીંપોદર)
ઉ.વ. ૭.૯ રોઝા - ૨૮



અકીલાઝૈનબ સિરાજઅલી અરોડીયા
વાલેદા: સાજેદાબાનું (પીંપોદર)
ઉ.વ. ૯.૬ રોઝા - ૨૮



મોહંમદસઈદ અબ્બાસઅલી આગલોડીયા
વાલેદા: શાકેરાબાનું (પીંપોદર)
ઉ.વ. ૯.૬ રોઝા - ૨૮



મોહંમદતુરાબ અસ્ગરઅલી હજુર
વાલેદા: તબસ્સુમફાતેમા (ઈલોલ તલાવ)
ઉ.વ. ૯ રોઝા - ૪



ફૈઝઅબ્બાસ જાફરઅલી મોમિન
વાલેદા: સાજેદાબાનું (પાડગોલ)
ઉ.વ. ૯ રોઝા - ૨૬



અલીહુસૈન નજરઅબ્બાસ ઉમતિયા
વાલેદા: તાહેરાબેન (ઝહીરપુરા કંપા)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



મોહંમદઝહીર મન્સૂરઅલી આગલોડીયા
વાલેદા: સકીનાબેન (કેસિમ્પા)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



મોહંમદરઝા અઝહરઅલી વિજાપુરા
વાલેદા: કનીઝઝહરા (જેઠીપુરા)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



મોહંમદનિસાર મહદીઅલી વિજાપુરા
વાલેદા: નજમાબેન (જેઠીપુરા)
ઉ.વ. ૯ રોઝા - ૨૨



અનીસહુસૈન મોહંમદઅલી ખરોડીયા
વાલેદા: રાશેદાબાનું (જેઠીપુરા)
ઉ.વ. ૯ રોઝા - ૧૪



મિદ્હતફાતેમા મંઝૂરઅહમદ ગોદડ
વાલેદા: નજમાબેન (કિશોરગઢ)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



રિઝવાનહુસૈન એહસાનઅલી મોમિન
વાલેદા: આબેદાબાનું (વસો)
ઉ.વ. ૯ રોઝા - ૨૮



મોહંમદઅલી અહમદઅબ્બાસ ખણસીયા
વાલેદા: શહરબાનું (કાટવાડ)
ઉ.વ. ૯.૮ રોઝા - ૨૮



બતૂલફાતેમા મંઝૂરઅહમદ મોમિન
વાલેદા: રહમતફાતેમા (વસો)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૪



તુરાબઅલી નજરઅલી છાપીયા
વાલેદા: આબેદાબેન (હૈદરપુરા)
ઉ.વ. ૯.૮ રોઝા - ૨૯



મોહંમદહુસૈન હસનઅલી છાપીયા
વાલેદા: સાજેદાબેન (હૈદરપુરા)
ઉ.વ. ૯.૯ રોઝા - ૨૯



હસનૈનઅબ્બાસ જાફરઅલી છાપીયા
વાલેદા: સકીનાબેન (હૈદરપુરા)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૭



મોહંમદમુબીન વારિસઅલી હોલ્ડા
વાલેદા: સાબેરાબેન (ઈલોલ ત.-મક્તબા)
ઉ.વ. ૧૦.૩ રોઝા - ૨૯



નુસરતફાતેમા આબિદઅલી આગલોડીયા
વાલેદા: રહમતફાતેમા (પીંપોદર)
ઉ.વ. ૧૧ રોઝા - ૨૯



મોહંમદરઝા આબિદઅલી મોમિન
વાલેદા: સલમાબેન (સદિકપુર-અમદા.)
ઉ.વ. ૧૧ રોઝા - ૨૮



મન્સૂરાફાતેમા મકબૂલઅલી વિજાપુરા
વાલેદા: રાશેદાબેન (જેઠીપુરા)
ઉ.વ. ૧૨ રોઝા - ૨૯



મોહંમદહામિદ એહસાનઅલી મોમિન
વાલેદા: આબેદાબાનું (વસો)
ઉ.વ. ૧૨ રોઝા - ૨૮



મોહંમદઈલ્યાસ જાફરઅલી મોમિન
વાલેદા: સાજેદાબાનું (પાડગોલ)
ઉ.વ. ૧૨ રોઝા - ૨૯



મોહંમદસલમાન એહસાનઅલી ખણુશીયા
વાલેદા: આબેદાબેન (સુરપુર)
ઉ.વ. ૧૩ રોઝા - ૨૯



મોહંમદફાઝિલ હસનઅબ્બાસ ભગત
વાલેદા: હાજેરાબેન (બાદરપુર)
ઉ.વ. ૧૩ રોઝા - ૨૯



અકીલાઝૈનબ એહસાનઅલી દેધરોટીયા
વાલેદા: રહમતફાતેમા (કનાઈ)
ઉ.વ. ૬ રોઝા - ૩



મોહંમદઅલી હસનઅબ્બાસ વાઘ
વાલેદા: આબેદાબેન (ઈલોલ તલાવ)
ઉ.વ. ૬.૭ રોઝા - ૨૦



રઈસાફાતેમા નૂરઅલી લોઢા
વાલેદા: શાકેરાબાનું (ઈલોલ તલાવ)
ઉ.વ. ૯.૫ રોઝા - ૨૭



મોહંમદનકી અખ્લાકઅહમદ મસી
વાલેદા: સકીનાફાતેમા (કેશરપુરા)
ઉ.વ. ૩.૯ રોઝા - ૧



ઝહરાસીરત આબિદહુસૈન મોમિન
વાલેદા: જમીલાફાતેમા (નડીયાદ)
ઉ.વ. ૬ રોઝા - ૧૨



મોહંમદમુર્તઝા સજ્જાદહુસૈન મોમિન
વાલેદા: આરિફાબાનું (કઠોર)
ઉ.વ. ૪ રોઝા - ૨



અકીલાફાતેમા મંઝૂરઅલી પલસાણીયા
વાલેદા: અનીસાબેન (વાધણા)
ઉ.વ. ૬ રોઝા - ૩



સુજાઅતઅલી અક્બરઅલી સુથાર
વાલેદા: રબાબફાતેમા (મોલીપુર)
ઉ.વ. ૫ રોઝા - ૧



રેહાનઅલી અક્બરહુસૈન ફત્તેહ
વાલેદા: કનીઝફાતેમા (પીરોજપુરા)
ઉ.વ. ૭ રોઝા - ૬

# હઝરત સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ હનફી (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

કરબલાના એક શહીદ. ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ના સહાબી. ઈલ્મમાં પારંગત હતા,[1] કરબલાના નામવર શહીદોમાં શુમાર થાય છે.

**હસબ–નસબ:**

આપ (અ.)નું નામ સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ છે અને નસબ બની હનીફા ઈબ્ને લજીમ કબીલા સાથે સંકળાયેલું છે. આપ (અ.) કૂફાના નામાંકિત શીઆઓમાંથી હતા. શુજાઅત અને ઈબાદતનો કામિલ નમૂનો હતા, અને ખૂબ જ ભરોસાપાત્ર હતા.[2]

**ઈમામ હુસૈન (અ.) તરફ છેલ્લો પત્ર:**

મુઆવિયાના મોત પછી કૂફાના લોકોએ ભેગા થઈને પત્રો લખવાની શરૂઆત કરી, એમાં છેલ્લે એક પત્ર લખવામાં આવ્યો, જે આ મુજબ હતો: "હુસૈન ઈબ્ને અલી (અ.) માટે તેમના અને તેમના વાલિદના શીઆઓ તરફથી. અમ્મા બઅદ, જલદી કરો, લોકો રાહ જોઈ રહ્યા છે. તેઓ આપને જ ચાહી રહ્યા છે. અય ઈબ્ને બિન્તે રસૂલલ્લાહ (અ.)! જલદી કરો, જલદી કરો. બગીચાઓ લીલા થઈ ગયા છે, અને ફળો લાગી ગયાં છે, જમીન પર લીલોતરી છવાઈ ગઈ છે, અને વૃક્ષોને પાંદડાં ફૂટી ગયાં છે, તો જ્યારે આપ ચાહો ત્યારે આવો, આપના માટે હથિયારબદ્ધ લશ્કર તૈયાર છે, અને સલામ અને અલ્લાહની રહમત તેમ જ બરકત થાય આપના પર અને આપના વાલિદ પર."

જ્યારે આ પત્ર મળ્યો ત્યારે ઈમામ (અ.) ઊભા થયા અને હાની (અ.) અને સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ હનફી (અ.)ને ફરમાવ્યું કે, "મને જણાવો કે આ પત્ર કે જે તમે લઈને આવ્યા છો તે કોણે કોણે ભેગા થઈને લખ્યો છે?" તે બન્નેએ જવાબ આપ્યો કે, "અય અમીરુલ મોમિનીન (અ.)! આ પત્ર પર શબસ ઈબ્ને રિબ્ઈએ, હજ્જાજ ઈબ્ને અબ્જરે, યઝીદ ઈબ્ને હારિસે, યઝીદ ઈબ્ને રુવૈમે, ઉર્વા ઈબ્ને કૈસે, અમ્ર ઈબ્ને હજ્જાજે અને મોહંમદ ઈબ્ને ઉમૈર ઈબ્ને ઉતારિદે સંમતિ દર્શાવી છે." પછી ઈમામ (અ.) ઊભા થયા અને વુઝૂ કરીને રુક્ન અને મકામ વચ્ચે બે રકાત નમાઝ પઢી. નમાઝ પૂરી કરીને અલ્લાહ સમક્ષ કૂફાવાસીઓએ લખેલા પત્રો સંબંધે ખૈરની દુઆ માગી. પછી બધા જ પત્રોને ભેગા કર્યા અને તેમને ફરમાવ્યું કે, "મેં મારા નાના રસૂલલ્લાહ (સ.)ને

1 રિજાલુત્તૂસી, સફહા–૧૦૧
2 તન્કીહુલ મકાલ, જિલ્દ–૨, સફહા–૨૮; ઈબ્સારુલ ઐન, સફહા–૨૧૬

મારા સ્વપ્નમાં જોયા છે, અને આપ (સ.)એ મને એક હુકમ કર્યો છે અને હું તેના પર અમલ કરવાનો છું. તો અલ્લાહ મને નેકીની સાથે બરદાશ્ત કરવાની મજબૂતાઈ આપે, કારણ કે તે જ આનો સરપરસ્ત છે અને કુદરત ધરાવનારો છે. ઈન્શાઅલ્લાહ."[1]

ઈમામ (અ.)એ આ જ બન્ને હસ્તીઓના મારફતે કૂફાવાસીઓને પત્ર લખ્યો, જેમાં આ બન્નેનું નામ પણ હતું. આ પત્રની સાથે આ બન્ને હસ્તીઓને પહેલાં મોકલી અને પછી કૈસ ઈબ્ને મસલ્હર સૈદાવી અને અબ્દુર્રહમાનની સાથે હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)ને મોકલ્યા.[2]

**હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) સાથે કૂફામાં:**

જ્યારે હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) કૂફામાં આવ્યા અને મુખ્તાર ઈબ્ને અબૂ ઉબૈદા સકફીના ઘેર ઉતારો કર્યો, તો સૌપ્રથમ આબિસ (અ.)એ, પછી હબીબ (અ.)એ ઊભા થઈને ખુત્બો આપ્યો અને ત્યાર પછી હઝરત સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ (સ.) ઊભા થયા અને કસમ ખાધી કે તેઓએ ઈમામ (અ.)ની મદદ માટે પોતાની જાતને તૈયાર કરી દીધી છે, અને પોતાના જીવને આપ (અ.) પર કુરબાન કરી દીધો છે. પછી હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)એ એક પત્ર લખ્યો અને હઝરત સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ (અ.)ની સાથે ઈમામ (અ.) તરફ રવાના કર્યો. પછી હઝરત સઈદ (અ.) શહાદત સુધી ઈમામ (અ.)ની સાથે જ રહ્યા.[3]

1 અલ–ફુતૂહ, જિલ્દ–૫, સફ્હા–૨૭
2 ઈબ્સારુલ ઐન, સફ્હા–૨૧૭
3 ઈબ્સારુલ ઐન, સફ્હા–૨૧૭

**શબે આશૂરા ઈમામ (અ.)ના ખુત્બાનો જવાબ:**

શબે આશૂરા ઈમામ (અ.)એ પોતાના સહાબીઓ અને અહલેબૈત (અ.)ને એક ઐતિહાસિક ખુત્બો આપ્યો, અને આપ (અ.)ને એકલા છોડીને ચાલ્યા જવાની વાત કરી, પરંતુ એના જવાબમાં આપ (અ.)નાં અહલેબૈત અને સહાબીઓએ આપ (અ.)નો સાથ આપવાની પૂરજોશ તૈયારી બતાવી, તેમાંથી આપ (અ.)ની અહલેબૈત પછી સહાબીઓમાં સૌથી પહેલાં હઝરત મુસ્લિમ ઈબ્ને ઔસજા (અ.) અને પછી સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ (અ.) ઊભા થયા અને ફરમાવ્યું કે, "અલ્લાહની કસમ, અમે આપને નહીં છોડીએ, એટલે સુધી કે અલ્લાહ એ ન જાણી લે કે અમે રસૂલલ્લાહ (સ.)ની ગેરહાજરીમાં આપની સુરક્ષા કરી હતી. અલ્લાહની કસમ, જો હું જાણી લઉં કે હું કતલ કરવામાં આવીશ અને પછી જીવતો કરવામાં આવીશ, પછી જીવતો સળગાવી દેવામાં આવીશ અને પછી રાખ કરી દેવામાં આવીશ, અને આવું સિત્તેર વખત કરવામાં આવે, તોય હું આપ (અ.)થી જુદો નહીં થાઉં, એટલે સુધી કે હું આપ (અ.)ની સામે મોતને ભેટી જાઉં, અને શા માટે હું આવું ન કરું! કતલ કેવળ એક જ વખત થવાનું છે, જ્યારે કે કરામત એટલી બધી છે કે જે ક્યારેય ઓછી થવાની નથી!"[4]

**શહાદત:**

4 તારીખે તબરી, જિલ્દ–૫, સફ્હા–૪૧૮; અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફ્હા–૯૧

રોઝે આશૂરા ઈમામ (અ.)એ નમાઝે ઝોહર પઢવાનો ઈરાદો કર્યો, તો હઝરત ઝુહૈર ઈબ્ને કૈન (અ.) અને હઝરત સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ (અ.) ને જમાઅતની સામે ઊભા રહેવાનો હુકમ કર્યો કે જેથી તેઓ નમાઝ અદા કરી દે. તેથી હઝરત સઈદ (અ.) હુસૈન (અ.)ની સામે ઊભા થઈ ગયા તો દુશ્મનો હઝરત સઈદ (અ.)ને નિશાનો બનાવીને તીર મારવા લાગ્યા. ઈમામ (અ.) થોડા જમણી કે ડાબી બાજુએ ખસતા તો આપ (અ.) પણ ઈમામ (અ.)ની સાથે તે તે બાજુએ ખસતા. તેથી આપ (અ.)ને તીર વાગતાં જ રહ્યાં, છેવટે આપ (અ.) જમીન પર પડી ગયા. આપ (અ.) ફરમાવી રહ્યા હતા કે, "યા અલ્લાહ! આ લોકો પર આદ અને સમૂદની કોમની જેમ લાનત મોકલ. યા અલ્લાહ! મારા તરફથી તારા નબી (સ.)ને સલામ મોકલ, અને મને જખ્મોની જે તકલીફ પડી છે તેની આપ (સ.)ને ખબર આપ, કારણ કે આ તકલીફ ફક્ત મેં આપ (સ.)ની ઔલાદની મદદ ખાતર જ ઉઠાવી છે." પછી આપ (અ.) શહીદ થઈ ગયા. આપ (અ.) ના શરીર પર તલવાર અને ભાલાના વાર સિવાય ૧૩ તીરો પણ વાગેલાં હતાં.[1]

એક રિવાયતમાં એમ પણ છે કે હઝરત સઈદ (અ.), હઝરત હજ્જાજ ઈબ્ને મસરૂક (અ.)ની શહાદત પછી જંગના મેદાનમાં ગયા હતા અને જંગ કરીને શહીદ થયા હતા.[2]

1 મક્તલુલ હુસૈન લિલ–ખ્વારિઝમી, જિલ્દ–૨, સફહા–૧૭; બિહારુલ અન્વાર, જિલ્દ–૪૫, સફહા–૨૧

2 મનાકિલ લિ–ઈબ્ને શહર આશૂબ, જિલ્દ–૪, સફહા–૧૦૩

**ઝિયારતમાં ઉલ્લેખ:**

ઝિયારતે શોહદામાં આપ (અ.) પર આ મુજબ સલામ મોકલવામાં આવે છે: સલામ થાય સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ હનફી પર કે જ્યારે હુસૈન (અ.)એ તેમને પોતાને છોડી દેવાની ઈજાઝત આપી તો ફરમાવ્યું કે, "ના, અલ્લાહની કસમ, અમે આપને નહીં છોડીએ, એટલે સુધી કે અલ્લાહ એ ન જાણી લે કે અમે રસૂલલ્લાહ (સ.)ની ગેરહાજરીમાં આપની સુરક્ષા કરી હતી. અલ્લાહની કસમ, જો હું જાણી લઉં કે હું કતલ કરવામાં આવીશ અને પછી જીવતો કરવામાં આવીશ, પછી જીવતો સળગાવી દેવામાં આવીશ અને પછી રાખ કરી દેવામાં આવીશ, અને આવું સિત્તેર વખત કરવામાં આવે, તોય હું આપ (અ.)થી જુદો નહીં થાઉં, એટલે સુધી કે હું આપ (અ.)ની સામે મોતને ભેટી જાઉં, અને શા માટે હું આવું ન કરું! કતલ કેવળ એક જ વખત થવાનું છે, જ્યારે કે કરામત એટલી બધી છે કે જે ક્યારેય ઓછી થવાની નથી!" આપ પોતાની શહાદતને ભેટી પડ્યા, અને પોતાના ઈમામની મદદ કરી, અને દારુલ મુકામમાં અલ્લાહ તરફથી કરામત મેળવી. અલ્લાહ એમને આપની સાથે શહીદોમાં શુમાર કરે, અને આલા ઈલ્લીય્યીન (જન્નતના એક બુલંદ મર્તબાનું નામ છે, સાતમા આસમાનની એક જગ્યા છે કે જ્યાં મોમિનોની રૂહો જાય છે.)[3]માં આપની સોહબત નસીબ કરે."[4]

3 મતાઉસ્સકલૈન લિ–મુજાહિદહુસૈન, જિલ્દ–૨, સફહા–૬૬૦

4 બિહારુલ અન્વાર, જિલ્દ–૪૫, સફહા–૭૦

# આપણા ઘરની વાતો

● **ઈન્નાલિલ્લાહે...**



મોલીપુરનિવાસી **મર્હૂમ મો.વલીભાઈ સાવદીભાઈ ડોડીયા** મુ.તા. ૦૩, રમઝાન-૧૪૪૬ તા.૦૪/૦૩/૨૦૨૫ને મંગળવારના રોજ ૯૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ કિશોરગઢનિવાસી **મર્હૂમા મો.હલીમાબેન વલીભાઈ ગોદડ** મુ.તા. ૧૫, રમઝાન-૧૪૪૬ તા.૧૬/૦૩/૨૦૨૫ને રવિવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



રસૂલપુર (મે.)નિવાસી **મર્હૂમ મો.મોહંમદઝહીન અકબરહુસૈન સુણસરા** મુ.તા. ૨૬, રમઝાન-૧૪૪૬ તા.૨૭/૦૩/૨૦૨૫ને ગુરુવારના રોજ ૨.૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.⟶



⟵ કાણોદરનિવાસી **મર્હૂમ મો.અહમદહુસૈન મિયાંજીભાઈ હસનવાલા** મુ.તા. ૦૪, શવ્વાલ-૧૪૪૬ તા.૦૩/૦૪/૨૦૨૫ને ગુરુવારના રોજ ૬૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેઓ 'જાફરી આવાઝ' (માસિક)ના પ્રતિનિધિ તરીકે સેવા આપતા હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.



# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૩૦૦૦/- મર્હૂમ મો.વલીભાઈ સાવદીભાઈ ડોડીયા (મોલીપુર)ના કુટુંબીજનો તરફથી મર્હૂમની રૂહના સવાબ અર્થે

રૂા.૧૦૦૦/- મો.મોહંમદઅલી વલીભાઈ ગોદડ (કિશોરગઢ) તરફથી મર્હૂમા હલીમાબેન વલીભાઈ ગોદડની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦૦/- મર્હૂમા મો.રસૂલબેન અલજીભાઈ ખાણશિયા (કિશોરગઢ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૨૦૦/- એહસાનઅલી ગુલામમોહંમદ મોમિન (GACL) (વસો) તરફથી મર્હૂમા કુલસૂમબેન બિન્તે ફકીરભાઈ મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મર્હૂમ મો.અહમદહુસૈન મિયાંજીભાઈ હસનવાલા (કાણોદર)ની રૂહના સવાબ

અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૨૦૦/- મો.હબીબભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ (ઈલોલ તલાવ) તરફથી મર્હૂમ મો.અહમદહુસૈન મિયાંજીભાઈ હસનવાલા (કાણોદર) ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૧૦૦૦/- મર્હૂમ મો.વલીભાઈ કમાલભાઈ થાવરા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.માહિરાઝૈનબ મહેરબાનઅલી નાંદોલીયા (વાઘરોલ)એ માહે રમઝાનના દસ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી આબિદઅલી લોઢા અને મો.ઝહરાફાતેમા આબિદઅલી લોઢા (ઈલોલ પહાડીયા)એ માહે રમઝાનના પૂરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે તેમના વાલિદૈન તરફથી.

રૂા.૫૦૦/- મોહંમદરઝા મંઝૂરઅલી મોમિન (લંડન)એ માહે રમઝાનના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- સુગરાફાતેમા મહેરબાનઅલી મોમિન (કઠોર)એ માહે રમઝાનનો એક રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મોહંમદમુર્તઝા સજ્જાદહુસૈન મોમિન (કઠોર)એ માહે રમઝાનના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.વજીહાફાતેમા અબ્બાસઅલી શેલીયા (વેળાવાપુરા)એ માહે રમઝાનના ૧૫ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.હુસૈનમોહંમદ અબ્બાસઅલી શેલીયા (વેળાવાપુરા)એ માહે રમઝાનના પૂરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.સજ્જાદઅહમદ ઈમ્દાદહુસૈન શેલીયા (વેળાવાપુરા)એ માહે રમઝાનના પૂરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.સીરતઝહરા કામયાબહુસૈન શેલીયા (વેળાવાપુરા)એ માહે રમઝાનના ૧૨ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.ફરવાફાતેમા મુખ્તારઅલી ભોરણીયા (કેસિમ્પા)એ માહે રમઝાનના ૨૭ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.આયતઝહરા શબ્બીરઅલી ચૌધરી (વડુ)એ માહે રમઝાનના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.વઝીરઅલી ગુલામભાઈ હજુર (ઈલોલ તલાવ) તરફથી તેમના પૌત્ર મોહંમદતુરાબે માહે રમઝાનના ચાર રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- ડૉ.મકબૂલઅલી તાલિબઅલી વિજાપુરા (જેઠીપુરા-ઝહીરાબાદ) તરફથી તેમની દીકરી તફઝીલફાતેમા અને મન્સૂરાફાતેમાએ માહે રમઝાનના પૂરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.ઈમ્દાદઅલી મદદઅલી વિજાપુરા (જેઠીપુરા-ઝહીરાબાદ) તરફથી તેમની દીકરી તસ્નીમઝહરાએ માહે રમઝાનના ૨૧ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- ઝહરાસીરત આબિદહુસૈન મોમિન (નડીયાદ)એ માહે રમઝાનના ૧૨ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મર્હૂમ શબ્બીરઅલી ફતેહભાઈ મોમિન (નડીયાદ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- સાલેહાફાતેમા અખ્લાકમોહંમદ મોમિન (ધોળકા) તરફથી જાફરી ખાનદાનના મર્હૂમોની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- બંદએ ખુદા

રૂા.૫૦૦/- મો.મુબીનાફાતેમા અકબરઅલી ઈસ્માઈલ ચૌધરી (કાકોશી)એ માહે રમઝાનના ૧૮ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.